પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૨૧૫ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૬-૦૫-૨૦૨૨ શુક્રવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આધસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

સુરતની કોર્ટે ગ્રીષ્માના હત્યારા ફેનિલને ફાંસીની સજા ફટકારી, ફેનિલના ચહેરા પર ન ડર દેખાયો ન અફસોસ

ગ્રીષ્માને ન્યાય મળ્યાની લાગણી સાથે તેનાં પરિવારજનો કોર્ટરૂમમાં જ રડી પડ્યાં

સુરત,

સુરતના પાસોદરામાં ગત ૧૨ ફેબ્રુઆરીએ જાહેરમાં કરાયેલી ગ્રીષ્મા વેકરિયાની હત્યાના કેસમાં હત્યારા ફેનિલ ગોયાણીને કોર્ટે ફાંસીની સજા ફટકારી છે. આજે ચુકાદા પહેલા કોર્ટમાં પહોંચેલા ફેનિલના ચહેરા પર સહેજ પણ ડર કે અફસોસ દેખાયો ન હતો. કોર્ટમાં બંને પક્ષના વકીલ સાથે ગ્રીષ્માના પરિવારજનો હાજર રહ્યાં હતા. મનુસ્મૃતિના શ્લોકથી ચુકાદાની શરૂઆત કરતા જજ વિમલ કે. વ્યાસે કહ્યું હતું કે, દંડ દેવો સરળ નથી, પણ આ રેરેસ્ટ ઓફ ધી રેર કેસ છે. ત્યાર બાદ ફાંસીની સજા ફટકારવામાં આવી છે. કોર્ટે પોતાના ચુકાદામાં યુવા પેઢીને પણ એક સંદેશો આપતા કહ્યું કે, આજની પેઢી મોબાઈલમાં રચી પચી રહે છે અને હિંસક વેબ સિરીઝ જુએ છે. જજે કહ્યું હતું કે યુવાનો આજે સતત

વેબ સિરીઝ સતત જોતા રહે છે, જેના કારણે તેમની માનસિકતા ઉપર ખૂબ મોટી અસર થાય છે. વેબ સિરીઝમાં સતત અમર્યાદિત હિંસક અને બિભત્સ મૂવી ચાલતી રહે છે. યુવાનોએ પોતાનો સમય સર્જનાત્મકતા તરફ આપવો જોઈએ નહીં કે આવી પ્રવૃત્તિઓ પાછળ કે જે માનસિક રીતે નકારાત્મક વિચારો તરફ લઈ જાય. જજે બે વખત નિર્ભયા હત્યા કેસનો ઉલ્લેખ કર્યો હતો. કોર્ટે કહ્યું કે નિર્ભયા હત્યા કેસમાં પણ આરોપીની ઉંમર ખૂબ ઓછી હતી, છતાં પણ તેમાં ક્રૂર માનસિકતા સામે આવી હતી. બચાવ પક્ષના વકીલ દ્વારા વારંવાર આરોપી ફેનીલ લઈને લઈને દલીલ કરવામાં આવી હતી.

ગ્રીષ્માના પિતાએ જણાવ્યું હતું કે ગ્રીષ્માને ન્યાય મળ્યો છે. અમારી તમામ માગણી પૂર્ણ થઈ છે. અમને ન્યાયપ્રક્રિયા પર સંપૂર્ણ વિશ્વાસ છે. પોલીસથી લઈને મદદ કરનારા તમામ નેતાઓનો આભાર. સરકાર પક્ષના વકીલ નયન સુખડવાલાએ જણાવ્યું હતું કે કોર્ટે ફેનિલ ગોયાણીને સજા સંભળાવી છે. ફેનિલને મૃત્યુદંડની સજા કરી છે. બેને મારી નાખવાના પ્રયાસના કેસમાં પણ સજા ફટકારી છે. ભોગ બનનારને વળતર મળે એવી પણ પ્રક્રિયા કરી છે.

ગત ૨૨મીએ આખો દિવસ દલીલો ચાલી હતી, જેમાં સરકારી વકીલે દલીલ કરતાં કહ્યું હતું કે અમારો કેસ માત્ર વીડિયો પર આધારિત નથી. આરોપી ક્રિમિનલ માનસિકતા ધરાવતો હતો અને ગણતરીપૂર્વકની તેણે હત્યા કરી છે. આરોપી ચપ્પુ ખરીદવા માટે ઓનલાઈન ફ્લિપકાર્ટ દ્વારા ઓર્ડર આપ્યો હતો. ઓર્ડર કેન્સલ થયા બાદ તેણે મોલમાંથી ચપ્પુ ખરીદ્યું હતું અને બીજું ચપ્પુ તેના મિત્ર પાસેથી ખરીદ્યું હતું. હત્યારાએ હત્યા કરતાં પહેલાં રેકી પણ કરી હતી. ગુનાના દિવસે તે ગ્રીષ્માની કોલેજમાં તેને શોધવા ગયો હતો. ગ્રીષ્માની મિત્ર ધૃતિને તેણે કહ્યું હતું કે આજે ગ્રીષ્માના ઘરે જઈને કંઈક મોટું કરવાનો છું અને ત્યાર પછી તેણે કહ્યું કે ના હોય તો વાત કરવા જવાનો છું. બનાવ પહેલાં ક્રિષ્ના સાથે તેણે ઈન્સ્ટાગ્રામ પર વાત કરી હતી, જેમાં પણ તેની હત્યા કરવાનો હોય એવું માલૂમ પડે છે. દરેક વાલિયો વાલ્મીકિ બની શકતો નથી. ભય વિના પ્રિત ન થાય. આરોપીને સખતમાં સખત સજા કરવામાં આવે છે. માત્ર ગ્રીષ્માની જ હત્યા નહીં, કાકા અને ભાઈ ધ્રુવની પણ હત્યાનો પ્રયાસ કર્યો હતો.

બચાવ પક્ષે જણાવ્યું હતું કે, લાડુ માગતો એટલે લટકાવી દો, વેબસિરીઝ જોતો એટલે લટકાવી દો. આવી લાંબી દલીલ કરીને વધુ માર્ક્સ મેળવવાનો પ્રયાસ કરાયો છે. જેને ચાલવાનું ભાન ન હોય તે લાડું કેવીરીતે માગે અને ઈનોવા ચોરીમાં ક્યાં એ આરોપી પુરવાર થયો છે. એને પસ્તાવો નથી એવું કહેવામાં આવ્યું એ કોની સામે પસ્તાવો વ્યક્ત કરે. એને પસ્તાવો નથી એવું કેવી રીતે માની લીધું. છરીના ઘામાં સહાનુભૂતિ નથી મેળવી જે ઘા માર્યા તેમાં નસો કપાઈ ગઈ હતી. લિમિટ બહારનું રિપ્રેઝન્ટ કરવામાં આવ્યું છે. આને જો સજા નહીં થાય તો સમાજમાં કોઈ સ્ત્રી સુરક્ષિત રહેશે નહી? કેવી રીતે કહેવામાં આવ્યું. કાયદા કડક કરવાનાં સજા વધારવાના આ ફક્ત પોલિટિક્સ કમ્પ્ઝેશન છે. જ્યાં કેપિટલ પનિસમેન્ટ છે ત્યાં ગુનાખોરી ઘટી જતી નથી. વાલિયો વાલ્મીકિ બનશે તેવું તો એને છૂટો મુકો તો જ ખબર પડશે. આ કોઈ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ નથી. ક્રિમિનલોની સંગતમાં ફરતો હોય એવો આ છોકરો નથી. હું બે હાથ જોડીને કહું છું કે ઓછામાં ઓછી સજા કરો. આ કંઈ બહાર આવીને ખૂંખાર આરોપી બની જવાનો નથી.

સત્ર ન્યાયાધીશ વિમલ કે. વ્યાસની કોર્ટમાં ચાલી રહેલા ગ્રીષ્મા હત્યા કેસમાં પુરાવારૂપે વીડિયોએ સૌથી મહત્વનો ભાગ ભજવ્યો હોવાનું બહાર આવ્યું હતું. ગ્રીષ્માની હત્યા સમયનો જે વીડિયો જોઈને લોકો કહેતા હતા કે કોઈ બચાવવા કેમ ન આવ્યું, એ વીડિયો જ આરોપી માટે ગાળિયારૂપ સાબિત થઈ ગયો છે.સુરતમાં કામરેજના પાસોદરામાં ગત ૧૨ ફેબ્રુઆરીના રોજ ગ્રીષ્મા વેકરિયાની એકતરફી પ્રેમમાં પાગલ ફેનિલ ગોયાણીએ ગળું કાપી ઘાતકી હત્યા કરી હતી.

ગુજરાત બોર્ડના ધોરણ ૧૦નું પરિણામ ૧૫મી જૂન ૨૦૨૨ની આસપાસ જાહેર થઈ શકે છે

ગાંધીનગર,

ગુજરાત બોર્ડનું ધોરણ ૧૦નું બોર્ડની પરીક્ષાના પરિણામો અંગે નવીનતમ અપડેટ બહાર આવી છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગુજરાત એસએસસી પરીક્ષાઓના પરિણામો ટૂંક સમયમાં જ બહાર આવી શકે છે. અહેવાલો અનુસાર, ગુજરાત બોર્ડ ધોરણ ૧૦માનું પરિણામ ૨૦૨૨ જૂનના મધ્યમાં એટલે કે ૧૫મી જૂન ૨૦૨૨ની આસપાસ જાહેર થઈ શકે છે. જે ઉમેદવારોએ આ વખતે ગુજરાત એસએસસીની પરીક્ષા આપી છે તેઓ તેના રિલીઝ થયા પછી સત્તાવાર વેબસાઈટ પરથી પરિણામ જોઈ શકશે.

જીએસઈબી ૧૦મું પરિણામ જાહેર થયા પછી બોર્ડની સત્તાવાર વેબસાઈટ પરથી ચકાસી શકાય છે. આ કરવા માટે, ગુજરાત બોર્ડની સત્તાવાર વેબસાઈટનું સરનામું છે– **gseb.org** દર વર્ષે ગુજરાત રાજ્યની ૧૦મી બોર્ડની પરીક્ષા માટે લગભગ ૧૦ લાખ ઉમેદવારો અરજી કરે છે. આ વખતે પણ સંખ્યા એટલી જ રહેવાનો અંદાજ છે. રાજ્યભરમાં ૨૫૦૦ કેન્દ્રો પર પરીક્ષા લેવામાં આવી હતી. તમામ કોવિડ પ્રોટોકોલને ધ્યાનમાં રાખીને ૨૮ માર્ચથી ૦૯ એપ્રિલ ૨૦૨૨ દરમિયાન પરીક્ષાઓ લેવામાં આવી હતી. હવે વિદ્યાર્થીઓ પરિણામની રાહ જોઈ રહ્યા છે.

જો આપણે વર્ષ ૨૦૨૧ ના પરિણામોની વાત કરીએ તો ગયા વર્ષે ધોરણ ૧૦નું પરિણામ ૩૦ જૂને જાહેર થયું હતું. પરીક્ષા માટે કુલ ૮૫૭૨૦૪ ઉમેદવારોએ નોંધણી કરાવી હતી અને ૧૭૧૮૬ વિદ્યાર્થીઓ છ૧ ગ્રેડ સાથે પાસ થયા હતા. એટલું જ નહીં ૫૭૩૬૨ વિદ્યાર્થીઓએ છ૨, ૧૦૦૯૭૩ વિદ્યાર્થીઓએ બી-૧, ૧૫૦૪૩૨ વિદ્યાર્થીઓએ બી૨, ૧૮૫૨૬૬ વિદ્યાર્થીઓએ સી૧, ૧૭૨૨૫૩ વિદ્યાર્થીઓએ સી ૨ અને ૧૭૩૭૩૨ વિદ્યાર્થીઓએ ડી ગ્રેડ મેળવ્યો છે.

ઉત્તરપ્રદેશમાં પોલીસે દુષ્કર્મ આચર્યું : તમામ પોલીસ સ્ટાફ સસ્પેન્ડ

લખનૌ,

ઉત્તરપ્રદેશનાં લલીતપુરમાં થોડા દિવસ પહેલા એક છોકરી તેની સાથે દુષ્કર્મ થયું હોવાની ફરિયાદ લખાવવા માટે પોલીસ સ્ટેશન ગઈ હતી. ત્યારે પોલીસ કારમી દ્વારા જ તેના ઉપર દુષ્કર્મ ગુજારવામાં યોગી સરકારે તે પોલીસ કર્મીને સસ્પેન્ડ કરીને તાત્કાલિક તેના સામે આકરામાં આકરી કાર્યવાહી કરવા આદેશ કર્યા છે.

મળતી વિગત અનુસાર ઉત્તર પ્રદેશના લલિતપુરમાં પોલીસ સ્ટેશનની અંદર રેપની ફરિયાદ કરવા ગયેલી કિશોરી પર પોલીસકર્મી દ્વારા જ દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હતું. જે મામલે યોગી સરકારે મોટી કાર્યવાહી કરી છે. યોગી સરકારે **ADG** કાનપુર ઝોને તપાસ ચાલુ છે ત્યાં સુધી પાલી પોલીસ સ્ટેશનના તમામ પોલીસ કર્મચારીઓને ડ્યૂટી પરથી સસ્પેન્ડ કરી દીધા છે. સમગ્ર મામલામાં ડીઆઈજી રેન્જ ઝાંસી પાસેથી ૨૪ કલાકમાં રિપોર્ટ માગવામાં આવ્યો છે. ૬ એસઆઈ, ૬ હેડ કોન્સ્ટેબલ, ૧૦ કોન્સ્ટેબલ, ૫ મહિલા કોન્સ્ટેબલ, એક ડ્રાઈવર અને એક ફોલોઅર સહિત ૨૯ પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરાયા છે. પાલી પોલીસ સ્ટેશનના પ્રભારી સહિત ૬ લોકો પર ૧૩ વર્ષની સગીર બાળકી સાથે સામૂહિક બળાત્કારનો આરોપ છે. આ કેસમાં ચાઈલ્ડ લાઈનની ફરિયાદ પર પોલીસ અધિક્ષકે ગંભીરતા દાખવતા પાલી સ્ટેશન ઈન્ચાર્જ તિલક ધારી સરોજ સહિત ૬ લોકો સામે કેસ દાખલ કર્યો હતો. બનાવ અંગે વધુ જણાવતા પોલીસ અધિક્ષક નિખિલ પાઠકે કહ્યું હતું કે, પાલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી ૧૩ વર્ષની કિશોરીને ૨૨ એપ્રિલના રોજ તેના જ ગામમાં રહેતા ચાર છોકરાઓએ લાલચ આપી ભોપાલ લઈ ગયા, જ્યાં ત્રણ દિવસ સુધી તેની પર સામૂહિક બળાત્કાર ગુજાર્યો હતો. આ મામલાની ફરિયાદ માટે કિશોરી પોલીસ મથકે ગઈ હતી. એ દરમિયાન પોલીસ સ્ટેશન ઈન્ચાર્જે તેના પર દુષ્કર્મ ગુજાર્યું હતું. આ બબાતની જાણ થતાની સાથે જ કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

ચોમાસા પૂર્વે વાવાઝોડાનો ખતરો-ઉત્તર ભારતમાં હવામાન પલ્ટો : ૧૦ના મોત

નવીદિલ્હી,

કાળઝાળ ગરમી અને હીટવેવની સ્થિતિ પછી છેલ્લા બે દિવસથી દેશના અનેક ભાગોમાં હવામાન પલ્ટો થવા સાથે વરસાદ નોધાયો છે ત્યારે હવે ઓડિશા પર વાવાઝોડાનો ખતરો ઉભો થયો છે જેનાથી અનેક રાજ્યોમાં હવામાન પલ્ટાની શક્યતા છે. બીજી તરફ ઉતરપ્રદેશ, હરિયાણા, હિમાચલમાં તોફાની પવન સાથેના વરસાદથી અનેકવિધ દુર્ઘટનાઓ સર્જાતા ૧૦ લોકોના મોત નિપજ્યા હતા.

કેટલાક દિવસોથી હીટવેવની સ્થિતિ બાદ ઉતર ભારતમાં વરસાદી માહોલ સર્જાતા ગરમીમાંથી રાહત મળી હતી. તાપમાનનો પારો પણ નીચો આવ્યો હતો. હવામાન વિભાગે એમ કહ્યું છે કે એકાદ સમાહ સુધી આ પ્રકારની રાહત મળતી રહેશે. જો કે, ઉતરપ્રદેશ હરિયાણા અને હિમાચલમા આ હવામાન પલ્ટાથી ૧૦ લોકોનો ભોગ લેવાયો છે. હવામાન વિભાગે ઉતરપ્રદેશ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, બિહાર, ઝારખંડ, પશ્ચીમ બંગાળ, તેલંગાણા, ઓડિશા, સિક્કીમ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મિઝોરમ અને ઉતર-પૂર્વના અન્ય રાજ્યોમાં વરસાદની શક્યતા દર્શાવી છે. હવામાન વિભાગે રિપોર્ટમાં તેમ પણ કહ્યું છે કે દક્ષિણ આંદામાનના સમુદ્રમાં આજે આવતીકાલે લો પ્રેસર સર્જાવાની શક્યતા છે અને તે ઉતર પશ્ચીમી દિશામાં આગળ વધીને ડિપ્રેશનમાં પરિવર્તિત થવાની શક્યતા છે. જો કે આ વાવાઝોડામાં પરિવર્તિત થશે કે કેમ તેમ કહેવાનું અત્યારે વહેલુ ગણાશે છતાં તે વાવાઝોડામાં રુપાંતર થાય તો 'અસાની' નામ આપવામાં આવશે. ઓડિશાના દરિયાકાંઠે તે ટકરાઈ શકે છે. વાવાઝોડુ ઉત્પન્ન થાય તો ચોમાસા પૂર્વે સળંગ ત્રીજા વર્ષે વાવાઝોડાની ઉત્પતિ થશે.

વાવાઝોડુ ઉદ્દભવવાના સંજોગોમાં પશ્ચીમ બંગાળ, સિક્કીમ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મિઝોરમ જેવા રાજ્યોને અસર થઈ શકે છે અને તોફાની પવન સાથે ભારે વરસાદની શક્યતા રહે છે. હવામાન વિભાગ દ્વારા આંદામાનના દરિયાની સિસ્ટમ પર સતત વોચ રાખવામાં આવી રહી છે અને યોગ્ય સમયે તે વિશેની આગાહી અને ચેતવણી જાહેર કરવામાં આવશે તેમ હવામાન વિભાગના વડા મૃત્યુંજય મહાપાત્રએ જણાવ્યું હતું. બીજી તરફ ઓડિશા સરકારે પણ જાહેર કર્યું છે કે ઓડિશાના કાંઠે વાવાઝોડું આવે તો કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા તૈયારી છે.અત્યારથી જ પૂર્વ તૈયારી શરુ કરી દેવામાં આવી છે.

કોલસાના સંકટ વચ્ચે રેલવેએ ૨૪ મે સુધી ૧૧૦૦ ટ્રેનો કરી રદ

નવીદિલ્હી,

દેશમાં કોલસાના સંકટને જોતાં રેલવે દ્વારા સતત પગલા ભરવામાં આવી રહ્યાં છે. કોલસાના રેકના પરિવહન માટે રેલવેએ અત્યાર સુધીમાં ઘણી ટ્રેનો રદ કરી છે. હવે ફરી એકવાર રેલવેએ ૧૧૦૦ ટ્રેનો રદ કરી છે. આ ટ્રેનોમાં મેલ એક્સપ્રેસ અને પેસેન્જર ટ્રેનોનો સમાવેશ થાય છે. મે મહિનામાં કોલસાના કારણે વીજળીની કટોકટી વધવાની આશંકા છે, જેના કારણે કોલ રેક ટ્રેનો માટે પેસેન્જર ટ્રેનો રદ કરવામાં આવી રહી છે.

૨૪ મે સુધી ઓછામાં ઓછી ૧૧૦૦ ટ્રેનો રદ રહેશે. જેમાં મેલ એક્સપ્રેસ ટ્રેનોની ૫૦૦ ટ્રીપ્સ, જ્યારે પેસેન્જર ટ્રેનોની ૫૮૦ ટ્રીપ્સનો સમાવેશ થાય છે. કહેવાય છે કે, આ ટ્રેનોને એટલા માટે રદ કરવામાં આવી છે જેથી થર્મલ પાવર પ્લાન્ટને સપ્લાય કરવામાં આવતી કોલસાથી ભરેલી માલગાડીઓને સરળતાથી રસ્તો આપી શકાય, જેથી કોલસો સમયસર પહોંચી શકે.

યુપી, રાજસ્થાન, આંધ્રપ્રદેશ, તમિલનાડુ સહિત ઘણા રાજ્યોમાં કોલસાની કટોકટીથી વીજળીની સમસ્યા સર્જાઈ હતી. આ પછી સરકારે ઘણી બેઠકો કરી. ઘણા રાજ્યોમાં પાવર કટ પણ કરવામાં આવ્યો હતો, જેના કારણે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. અગાઉ કોલસાની કટોકટી અંગે કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીએ માહિતી આપી હતી કે, થર્મલ પાવર પ્લાન્ટ્સમાં ૨૧ મિલિયન ટન કોલસાનો સ્ટોક છે, જે આવનારા કેટલાક દિવસો માટે પૂરતો છે. જ્યારે કોલ ઈન્ડિયા સહિત ભારત પાસે ૮૦ દિવસનો સ્ટોક છે.

નરેન્દ્ર મોદી ૧૬ મેના રોજ નેપાળ જશે! ભગવાન બુદ્ધના જન્મસ્થળ લુમ્બીની પણ જશે

નવીદિલ્હી,

વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૧૬ મેના રોજ નેપાળની ટૂંકી મુલાકાત લેશે જે દરમિયાન તેઓ ભગવાન બુદ્ધના જન્મસ્થળ લુમ્બિનીની મુલાકાત લેશે. નેપાળના વડા પ્રધાનના પ્રેસ સલાહકાર અનિલ પરિયારના જણાવ્યા અનુસાર, વડા પ્રધાન મોદી તેમના નેપાળના સમકક્ષ શેર બહાદુર દેઉબાના આમંત્રણ પર હિમાલયની મુલાકાત લેશે. વડા પ્રધાન મોદી બુદ્ધ પૂર્ણિમાના અવસર પર તેમની એક કલાકની મુલાકાત દરમિયાન પશ્ચિમ નેપાળમાં લુમ્બિનીની મુલાકાત લેશે, એમ અધિકારીએ જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે બુદ્ધ પૂર્ણિમાને ભગવાન બુદ્ધની જન્મજયંતિ તરીકે ઉજવવામાં આવે છે. તેમણે કહ્યું કે વર્ષ ૨૦૧૯માં બીજી વખત ચૂંટાયા બાદ વડાપ્રધાન મોદીની નેપાળની આ પ્રથમ મુલાકાત હશે. આ કાર્યક્રમમાં મોદીની સાથે નેપાળના વડાપ્રધાન દેઉબા પણ હાજરી આપશે. જોકે, ભારતના વિદેશ મંત્રાલયે હજુ સુધી વડાપ્રધાન મોદીની નેપાળ મુલાકાત અંગે સત્તાવાર જાહેરાત કરી નથી. ઉલ્લેખનીય છે કે હાલ

વડાપ્રધાન યુરોપના ૩ દેશના પ્રવાસે છે ડેનમાર્ક બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી બુધવારે પેરિસ પહોંચ્યા હતા. અહીં પીએમ મોદી ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન સાથે મુલાકાત કરશે અને દ્વિપક્ષીય મુદ્દાઓ પર ચર્ચા કરશે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ એક ટ્વિટમાં કહ્યું, "હેલો પેરિસ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફ્રાંસની મુલાકાતે પેરિસ પહોંચ્યા છે." આ દરમિયાન પીએમ મોદીનું ફ્રાન્સની ધરતી પર ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું તેઓ તેમના સ્વાગત માટે તેમની હોટલની બહાર ઊભેલા ભારતીયોને પણ મળ્યા.

જમ્મુ-કાશ્મીરમાં યોજાશે ચૂંટણી? સીમાંકન પંચે જાહેર કર્યો અંતિમ રિપોર્ટ, સીટોની સંખ્યા વધી

નવીદિલ્હી,

જમ્મુ-કાશ્મીર સીમાંકન કમિશન પંચે કેન્દ્ર શાસિત પ્રદેશનો ફાઈનલ રિપોર્ટ જાહેર કરી દીધો છે. નોંધનીય છે કે પંચની પાસે રાજ્યમાં લોકસભા અને વિધાનસભા સીટોની સીમાંકન નક્કી કરવાની જવાબદારી હતી જે આજે સમાપ્ત થઈ ગઈ છે. ઘાટીમાં વિધાનસભા ચૂંટણી માટે આ રિપોર્ટની રાહ જોવાઈ રહી હતી. સીમાંકન કમિશનના રિપોર્ટ બાદ જમ્મુ-કાશ્મીરમાં જલદી ચૂંટણીની જાહેરાત થઈ શકે છે.

વિધાનસભા સીટોની સીમાંકનની પ્રક્રિયા પૂરી થયા બાદ

જમ્મુ-કાશ્મીરમાં કુલ સાત સીટોનો વધારો થશે. પ્રાપ્ત વિગત પ્રમાણે જમ્મુ રીઝનમાં ૬ અને કાશ્મીરમાં એક સીટ વધશે. તે પ્રમાણે જમ્મુ-કાશ્મીરમાં કુલ ૯૦ વિધાનસભા સીટો હશે જેમાંથી ૪૭ કાશ્મીર અને ૪૩ જમ્મુમાં હશે. આ સિવાય ૯ સીટ અનુસૂચિત જનજાતિ અને ૭ અનુસૂચિત જાતિ માટે અનામત હશે.

જમ્મુ-કાશ્મીરમાં જૂન ૨૦૧૮થી કોઈ ચૂંટાયેલી સરકાર નથી. હવે કમિશન આ રિપોર્ટ સરકારને સોંપશે અને ત્યારબાદ ચૂંટણીની જાહેરાત થશે. પ્રધાનમંત્રી મોદીએ પણ કહ્યુ હતુ કે ચૂંટણી બાદ જમ્મુ-કાશ્મીરને રાજ્યની જેમ કામ કરવાની તક મળશે. આ પેનલની રચના સરકારે માર્ચ ૨૦૨૦માં બનાવી હતી. તેમના હેડ સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ રંજના પ્રકાશ દેસાઈ હતા. આ સિવાય ચીફ ઈલેક્શન કમિશનર સુશીલ ચંદ્રા અને ડેપ્યુટી ઈલેક્શન કમિશનર ચંદર ભૂષણ કુમાર આ પેનલમાં સામેલ હતા.ઓગસ્ટ ૨૦૧૯માં જમ્મુ-કાશ્મીરને કેન્દ્ર શાસિત પ્રદેશનો દરજ્જો અપાયા અને લદ્દાખને અલગ ટેરટરી બનાવ્યા બાદ કમિશને અહીં ૮૩ સીટથી વધારી ૯૦ સીટ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો.

નોંધનીય છે કે આ પહેલાં જમ્મુ-કાશ્મીરમાં ૧૯૯૫માં સીમાંકન થયું હતું. તે સમયે જમ્મુ-કાશ્મીરમાં ૧૨ જિલ્લા અને ૫૮ તાલુકા હતા. આ સમયે કેન્દ્ર શાસિત પ્રદેશમાં ૨૦ જિલ્લા છે અને તાલુકાની સંખ્યા વધીને ૨૭૦ થઈ ગઈ છે. સીમાંકનનો મુખ્ય આધાર જનસંખ્યા રહે છે. આ સિવાય ભૌગોલિક પરિસ્થિતિનું પણ ધ્યાન રાખવામાં આવે છે.

કાશ્મીરથી તજાકિસ્તાન સુધીની ધરા ધ્રુજી, વહેલી સવારે ૫ ની તીવ્રતાનો ભૂંકપ આવ્યો

નવીદિલ્હી,

જમ્મુ-કાશ્મીરની સવાર ભૂકંપના ઝાટકાથી થઈ હતી. સવારે ૫ વાગીને ૩૫ મિનિટ પર ભૂકંપના તેજ આંચકા અનુભવાયા હતા. કહેવાય છે કે, રિક્ટર સ્કેલ પર ભૂકંપના આંચકાની તીવ્રતા ૫.૩ હોવાનુ સામે આવ્યુ છે. જોક, આ ભૂકંપનુ કેન્દ્ર બિંદુ તાજિકિસ્તાન હોવાનુ સિસ્મોમીટર પર જોવા મળ્યુ છે. જમ્મુ-કાશ્મીરના લોકો ભર ઊંઘમાં હતા, ત્યારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

જમ્મુ કાશ્મીરમાં વહેલી સવારે ૫.૩૫ કલાકે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જેથી ડરના માર્યે લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. અત્યાર સુધી આ ભૂકંપના આંચકામાં કોઈ જાનમાલની નુકસાની સામે આવી



નથી. ભૂકંપનુ કેન્દ્ર તજાકિસ્તાન હોવાનુ માપવામાં આવ્યુ છે, જોકે, તજાકિસ્તાનના પેટાળમાં ૧૭૦ કિમી અંદર ભૂકંપની ગતિવિધિઓ મશીન પર જોવા મળી છે. ગત મહિનાની ૧૮ તારીખે પણ જમ્મુ કાશ્મીરમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. તે સમયે રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૩.૪ માપવામાં આવી હતી. ત્યારે સતત બીજા મહિના જમ્મુ-કાશ્મીરમાં ભૂકંપના આંચકા અનુભવાતા લોકોમાં ડર વ્યાપી ગયો છે.

હરિયાણાના કરનાલમાંથી ૪ આતંકવાદીઓની ધરપકડ, મોટી માત્રામાં હથિયાર અને ગનપાઉડરનું કન્ટેનર મળ્યું

ચંડીગઢ,

હરિયાણાના કરનાલમાં આતંકવાદ વિરુદ્ધ મોટી કાર્યવાહી કરવામાં આવી છે. દેશને હચમચાવી નાખવાના ખાલિસ્તાની ષડયંત્રને નિષ્ફળ બનાવ્યું છે. કરનાલમાંથી ચાર શંકાસ્પદ આતંકવાદીઓની ધરપકડ કરવામાં આવી છે. તેમની પાસેથી મોટી માત્રામાં ગોળીઓ અને ગનપાઉડરના કન્ટેનર મળી આવ્યા છે. આ ગનપાઉડર આરડીએક્સ હોઈ શકે છે, એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. તેમની પાસેથી ત્રણ આઈઈડી બોમ્બ પણ મળી આવ્યા છે.

આતંકવાદીઓની ધરપકડ બાદ હવે કેન્દ્રીય એજન્સીઓએ પણ આ મામલે તપાસ શરૂ કરી દીધી છે.

આ બાબતનો ખુલાસો થતાં પોલીસે સમગ્ર શહેરને એલર્ટ કરી દીધું છે. સાથે જ આ સમગ્ર મામલાની તપાસ દરમિયાન બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડને બોલાવવામાં આવી છે. માત્ર જિલ્લાના જ નહીં પરંતુ રાજ્યના અનેક પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે હાજર છે. ત્યારે આ ઘટના બાદ સરકારમાં ખળભળાટ મચી ગયો છે.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે પોલીસ દ્વારા ધરપકડ કરાયેલા ચાર આતંકવાદીઓ ગુરુવારે સવારે ૪ વાગે બસ્તરા ટોલ પ્લાઝાથી જઈ રહ્યા હતા. આ દરમિયાન પોલીસે તેઓને શંકાસ્પદ જણાતા પકડી લીધા હતા. જ્યારે વાહનની તપાસ કરવામાં આવી ત્યારે તેમાંથી ગનપાઉડર, ગોળીઓ, હથિયારો મળી આવ્યા હતા. તપાસમાં જાણવા મળ્યું કે આ તમામ પંજાબથી દિલ્હી જઈ રહ્યા હતા. આઈબીના રિપોર્ટને બ્લોક કરીને તેમની ધરપકડ કરવામાં આવી હતી.

કરનાલના પોલીસ અધિક્ષક ગંગા રામ પુનિયાએ માહિતી આપી છે કે ધરપકડ કરાયેલા યુવકોના નામ ગુરપ્રીત, અમનદીપ, પરમિંદર, ભૂપિન્દર છે. ખાલિસ્તાની આતંકવાદી રિંડાએ આ હથિયારો પાકિસ્તાનથી ડ્રોન મારફતે ફિરોઝપુર મોકલ્યા હતા. જેમાંથી ત્રણ ફિરોઝપુરના અને એક લુધિયાણાના રહેવાસી છે. મુખ્ય આરોપી, તે જેલમાં અન્ય આતંકવાદીને મળ્યો હતો. હાલ તેમની પાસેથી દેશી બનાવટની પિસ્તોલ, ૩૧ જીવતા અને ૩ લોખંડના ડબ્બા મળી આવ્યા હતા. આમાં, દરેક કન્ટેનરનું વજન લગભગ ૨.૫ કિલો છે.

શકમંદો હાલમાં મહારાષ્ટ્રના નાંદેડ જઈ રહ્યા હતા. ચારેયને તેલંગાણામાં આઈઈડી મોકલવાના હતા. તેમને પાકિસ્તાનથી તે લોકેશન મળ્યું જ્યાં માલ પહોંચવાનો હતો. આ લોકો પહેલા પણ બે જગ્યાએ આઈઈડી સપ્લાય કરી ચૂક્યા છે. પકડાયેલા ચાર શંકાસ્પદ આતંકવાદીઓની ઉંમર ૨૦-૨૫ વર્ષની આસપાસ છે. આ લોકો હરવિંદર સિંહ ઉર્ફે રિંડાના સંબંધી હોવાનું કહેવાય છે. રિંડા એક વોન્ટેડ આતંકવાદી છે જે હાલમાં પાકિસ્તાનમાં છુપાયેલો છે. એવું માનવામાં આવે છે કે આ ચારેયને આ કન્સાઈનમેન્ટ ક્યાંક છોડી દેવાની જવાબદારી સોંપવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, કરનાલના બસ્તરા ટોલ પાસેથી પોલીસ ટીમે એક ઈનોવા વાહનને પકડી પાડ્યું હતું અને ચાર લોકોની અટકાયત કરવામાં આવી હતી. હાલ આ કાર મધુબન પોલીસ સ્ટેશનમાં પાર્ક છે. ત્યાં બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ છે. વરિષ્ઠ અધિકારીઓ પણ ત્યાં પહોંચી રહ્યા છે. સવારે ૪ વાગે દિલ્હી જવા રવાના થયા. ત્યારપછી બાતમીના આધારે કરનાલ ટોલ પ્લાઝા પાસે પોલીસ બેરિકેડિંગ લગાવવામાં આવ્યું હત

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

ફરજમાં બેદરકારી દાખવનાર કર્મચારીઓ સામે મહીસાગર જિલ્લા વિકાસ અધિકારીની લાલ આંખ

- ત્રણ કર્મચારીઓને ફરજ મોકુફ (સસ્પેન્ડ) કરી લીવ રીઝર્વ તરીકે મૂકવાના હુકમો.
- મહિસાગર જિલ્લા વિકાસ અધિકારીની લાલ આંખથી કર્મચારીઓમાં ફફડાટ.

લુણાવાડા, મહીસાગર જિલ્લામાં અમુક સરકારી કર્મચારીઓ દ્વારા સરકારી ફરજો બજાવવામાં બેદરકારી દાખવવી, નાગરિકો પાસેથી કામના બદલામાં નાણાંની માંગણી કરવી કે પ્રતિબંધિત વસ્તુઓનું સેવન કરવું જેવી સરકારી સેવાઓના સમય દરમિયાન ગુનાહિત પ્રવૃત્તિ કરતાં હોય તેવા કર્મચારીઓ વિરૂધ્ધ રજૂઆતો તેમજ તાજેતરમાં સોશિયલ મીડિયામાં મેસેજ ફરતાં થયા હતા તો કેટલીક ન્યુઝ ચેનલોમાં તેઓના વિરૂધ્ધ વીડિયો વાયરલ થયા હતા. આ સોશિયલ મીડિયામાં ફરતા થયેલા વાયરલ મેસેજની ગંભીરતા સમજીને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીએ તેની તપાસ કરાવીને આવા કર્મચારીઓને ફરજ મોકુફી હેઠળ ઉતારી દેવાના અને લીવ રીઝર્વ તરીકે મૂકવાના હુકમો જારી કરીને સરકારી ફરજોમાં બેદરકારી દાખવનાર કર્મચારીઓ સામે લાલ આંખ કરતાં કર્મચારીઓમાં ફફડાટની લાગણી વ્યાપી જવા પામી છે.

જિલ્લા વિકાસ અધિકારી લાખાણી દ્વારા જે ફરજમોકુફીના હુકમો કરી લીવ રીઝર્વ તરીકે મુકવાના હુકમો જારી કરવામાં આવ્યા છે તેમાં વિરપુર તાલુકાના ડેભારીના તલાટી-કમ-મંત્રી આર.એસ. ચૌહાણને પ્રતિબંધિત સામગ્રીનું સરકારી ફરજોના સમય દરમિયાન સેવન કરવા બદલ તા. ૦૨/૦૨/૨૦૨૨થી, વિરપુર તાલુકાના ગંધારીના તલાટી-કમ-મંત્રી એમ. બી. પરમારને પણ ફરજોના સમય દરમિયાન પ્રતિબંધિત સામગ્રીનું સેવન કરવા બદલ તા. ૨૨/૦૪/૨૦૨૨થી અને લુણાવાડા તાલુકાના ચાંપેલી-૨ના અને ચારણગામ(સાં) સેજાનો વધારાનો હવાલો સંભાળતા તલાટી-કમ-મંત્રી ગં.સ્વ. એસ.એસ.માછીને ગ્રામ પંચાયતના લોકો પાસેથી કામના બદલામાં નાણાંની માંગણી કરવા બદલ તા. ૦૨/૦૫/૨૦૨૨થી ફરજ મોકુફી હેઠળનો સમાવેશ થાય છે.

આ તમામ સરકારી કર્મચારીઓને ફરજ મોકૂફીની સાથે લીવ રીઝર્વ તરીકે મૂકી દેવામાં આવ્યા છે. જેમાં આર.એસ. ચૌહાણને તાલુકા પંચાયત કચેરી, ખાનપુર, એમ.બી.પરમારને તાલુકા પંચાયત કચેરી, લુણાવાડા અને ગં.સ્વ. એસ.એસ. માછીને તાલુકા પંચાયત કચેરી, કડાણા ખાતે મૂકવામાં આવ્યા છે.

આમ, જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીએ સરકારી ફરજોમાં ગેરશિસ્ત અને ગેરવર્તણૂંક કરતા કર્મચારીઓ સામે લાલ આંખ કરી સખ્ત કાર્યવાહી કરીને અન્ય કર્મચારીઓને પણ સંદેશો પાઠવ્યો છે કે, સરકારી ફરજોમાં કોઈપણ પ્રકારની ગેરશિસ્ત ચલાવી લેવામાં નહીં આવે અને જો કોઈપણ કર્મચારી ગેરશિસ્ત, ગેરવર્તણૂંક કે અન્ય કોઈપણ પ્રકારનું અશિસ્તભર્યું વર્તન કરશે તો તેની સામે સખ્ત કાર્યવાહી કરવામાં આવશે અને કોઈપણને બક્ષવામાં નહીં આવે.

લાખાણીએ સરકારી કર્મચારીઓ સામે શિસ્ત વિષયક પગલાં લેવાની સાથે કર્મચારીઓને નાગરિકોના કોઈપણ કામો હોય તો સરકારના નીતિ-નિયમો અને સમયમર્યાદામાં રહીને પરિપૂર્ણ કરવાની સાથે નાગરિકોના આશીર્વાદ પ્રાપ્ત કરવાની પણ શીખ આપી છે.

મહીસાગર જિલ્લામાં ખાખીને સર્મસર કરતો કિસ્સો સામે આવતા પોલીસની કામગીરી પર અનેક સવાલો ઉભા થયા

લુણાવાડા, મહિસાગર જિલ્લામાં ખાખીને શર્મસાર કરતો કિસ્સો સામે આવ્યો છે. બાલાસિનોરના તત્કાલિન પી.આઈ અને હાલમાં રાજપીપળા પોલીસ મથકમાં ફરજ બજાવી રહ્યા છે. એવા પી.આઇ જે.કે.પટેલ સહિત બનેલ લૂંટ ઘટનામાં પીઆઇ સાથે આવેલા પોલીસ કર્મીઓ પર લૂંટનો ગુનો દાખલ થતાં સમગ્ર વિસ્તારમાં પોલીસ સામે અનેક સવાલો ઉભા થઇ રહ્યા છે. સત્તાના નશામાં ચૂર તાત્કાલિન પીઆઇ જે.કે.પટેલ અને પોલીસ કર્મીઓ દ્વારા પત્રકારને ગાડી ઉભી રાખી અને ડિટેઇન કરવામાં આવી હતી. જેમાં ગાડીમાં અંકે ૨૦,૦૦૦ રૂપિયા હતા અને ગાડીમાંથી ગાડી માલિક દિપક પંચાલને લેવા ન દેતા અને જ્યારે ગાડીનો મેમો ભરી પરત પોલીસ સ્ટેશને ગાડી લેવા જતા ગાડીમાંથી ૨૦,૦૦૦ રૂપિયા ન હોવાથી દિપક પંચાલ પીઆઇ જે.કે.પટેલ ને રજૂઆત કરી હતી, પરંતુ જે.કે.પટેલ દ્વારા સત્તાના નશામાં ચકચૂર બનેલા પીઆઇ જે.કે. પટેલ દ્વારા રૂપિયા તો નહિ મળે કહી દિપક પંચાલને ધક્કા મારી બાલાસિનોર પોલીસ મથકમાંથી બહાર કાઢી મુકવામાં આવ્યા. જે બાબતે દિપક પંચાલ દ્વારા જે વખતે હાજર જિલ્લા પોલીસવડા ઉષા રાડા અને નાયબ જિલ્લા પોલીસ વડા વિનય શુક્લાને વારંવાર લેખિતમાં રજૂઆત કરી હતી. તેમજ બાલાસિનોર પોલીસ સ્ટેશનમાં પણ ફરિયાદ આપવામાં આવી હતી પરંતુ એસ.પી. ઉષા રાડા સહિત વિનય શુક્લાની દ્વારા કોઇ કાર્યવાહી ન થતાં આખરે અરજદારે કોર્ટના દરવાજા ખખડાવ્યા હતા. જે ૨૦૧૪ માં બનેલી લૂંટ ની ઘટનામાં આખરે પત્રકાર દીપક પંચાલને ન્યાય મળ્યો છે અને કોર્ટે પીઆઈ જે.કે.પટેલ સહિત પોલીસ કર્મીઓ પર લૂંટનો ગુનો દાખલ કરવામાં આવતા ગુજરાતભરમાં પોલીસની કામગીરી અંગે અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે. ત્યારે આવા લેભાગુ પોલીસ કર્મીઓ સહિત પીઆઈની આવી નફટાઈના અન્ય સારી પોલીસ પણ બદનામ થઈ રહી છે. હાલ તો બાલાસિનોર કોર્ટે દ્વારા પીઆઇ સહિત પોલીસ કર્મીઓ પર લૂંટનો ગુનો દાખલ થતાં પત્રકાર દીપક પંચાલ પર અનેક સમાધાન બાબતે ફોન કોલ આવી રહ્યા છે, પરંતુ દીપક પંચાલ તટસ્ટ રહીને કાર્યવાહી તરફ મીટ માંડીને બેઠા છે. ત્યારે ફરિયાદના આધારે હાલ તો પીઆઇ સહિત પોલીસ કર્મીઓ પર લૂંટની ફરિયાદના આધારે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સંતરામપુર તાલુકાની નરસિંગપુર મુખ્ય પ્રાથમિક શાળામાં ધોરણ ૮ ના બાળકોનો વિદાય સન્માન સમારોહ યોજાયો

સંતરામપુર, સંતરામપુર તાલુકાની મહિસાગર જિલ્લાની સંતરામપુર તાલુકાની પાદરી ફળિયા પગાર કેન્દ્રની મને ગમતી શાળા, નરસિંગપુર મુખ્ય પ્રાથમિક શાળામાં આજ રોજ ધોરણ આઠના બાળકોનો વિદાય સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆત શ્લોક અને પ્રાર્થનાથી કરવામાં આવી. સ્વાગત પ્રવચન શાળાના આચાર્ય લખમણભાઈ ખરાડી એ કર્યું. ધોરણ આઠના બાળકોએ શાળા પ્રત્યેના પોતાના પ્રતિભાવો રજુ કર્યા. ધોરણ ૮ ના વર્ગ શિક્ષક રાજપ્રિયા રહેવરે બાળકોને અભ્યાસમાં કેવી રીતે આગળ

તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

વધવું અને ખાસ કરીને બાલિકાઓએ રોજિંદા જીવનમાં કેવી બાબતોનું ધ્યાન રાખવું તે બાબતે માર્ગદર્શન પૂરૂં પાડેલ. આજના પ્રસંગે બીટ કેળવણી નિરીક્ષક વસંતભાઈ વાળંદ ઉપસ્થિત રહી બાળકોને શૈક્ષણિક ક્ષેત્રે ખુબ આગળ વધવા આશીર્વચન પાઠવેલ. સમગ્ર વર્ષ દરમ્યાન ધોરણ-૮માં સારો દેખાવ કરનાર તમામ બાળકોને સ્મૃતિ ભેટ આપવામાં આવી. જે.એચ. મહેતા હાઈસ્કુલના પ્રિન્સિપાલ વિપુલભાઈ પટેલ પણ આજના પ્રસંગે ઉપસ્થિત રહી બાળકોને સ્મૃતિ ભેટ આપી અને શૈક્ષણિક કારકિર્દી અંગે માર્ગદર્શન આપ્યું. કાર્યક્રમની આભારવિધિ શાળાના શિક્ષક લલિત ગરાસીયાએ કરેલ. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના શિક્ષક રમેશકુમાર ચૌહાણ કરેલ. અંતમાં બધા જ બાળકો માટે સમૂહ ભોજન અને સમૂહ ફોટોગ્રાફીનું પણ આયોજન શાળા પરિવાર તરફથી કરવામાં આવેલ.

ઘોઘંબા તાલુકા પંચાયત હોલમાં આનંદી સંસ્થા દ્વારા મજુર દિવસ ઉજવણી

ઘોઘંબા, આનંદી સંસ્થા અને દેવગઢ મહિલા સંગઠન દ્વારા ઘોઘંબા તાલુકા પંચાયત હોલમા ''મજુર દિવસ ઉજવણી'' કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જેમાં ઘોઘંબા તાલુકા ના ૪૦ ગામના ૨૮૬ બહેનો અને ભાઈ ઓ જોડાયા હતા અને જેમાં જે આ વિસ્તાર માંથી ૯૦ ટકા પરિવારો મજુરી કરવા માટે ગામ છોડીને વડોદરા, અમદાવાદ, સુરત, કાઠિયાવાડ જેવી જગ્યાએ સેન્ટીંગ કામ, કડીયાકામ, તોડફોડ, પ્લમ્બર, ભાગ્યા ખેતી જેવી જુદા જુદા પ્રકારની મજુરી કરવા માટે જાય છે અને તેમાં મજુરોનું ઘણા પ્રકારનું શોષણ થાય છે. વધારે સમય કામ કરાવે અને પુરતી રોજી નથી ચુકવવામાં આવતી અને અવર નવર કામ ઉપર થી પડીને મૃત્યુ થવાના પણ બનાવો બને છે. એટલે કામના સ્થળ પર મજુરોની સલામતી સુરક્ષાની કોઈ વ્યવસ્થા મળતી નથી. જેના કારણે કામ પરથી મરવાના બનાવો બને છે. ત્યારે તેમના પરિવારને કોઈ પણ પ્રકારનું વળતર ચુકવવામાં આવતું નથી. ખાલી મરણ વિધિ કરવાના પૈસા આપે છે અને ખાસ કરીને આદિવાસી પરિવારો આખા પરિવાર સાથે માઈગ્રેશન કરે છે. ત્યારે બાળકોના શિક્ષણ, આરોગ્ય પર મોટી અસર જોવા મળે છે. બાળકોનું ભણતર છુટી જાય છે. જેને લઈને આજે વિશ્વ મજુર દિવસ નિમિત્તે શ્રમિકોની માંગ

છે કે, ગામમાં ને ગામમાં સરકાર રોજગારી તકો ઉભી કરે જેથી કરીને માઈગ્રેશનનું પ્રમાણ ઘટે અને જે પણ પુરૂષો સેન્ટીંગ કામ, કડિયા કામમાં કુશળ કારીગરો કામ કરે છે, તેમનું રજીસ્ટ્રેશન અને તેમના માટે વિમાની જોગવાઈ થાય જેથી કરીને કોઈ આકસ્મિક મૃત્યુ થાય તો તેમના વારસદારને એક આધાર મળે તેવી માંગો કરવામાં આવી હતી.

વિસ્તારમાં હાલ લોકોને પીવાના પાણીની મોટી સમસ્યાઓ સર્જાય રહી છે. જેને લઈને સરકાર દરેક ગામમાં પીવાના પાણીની વ્યવસ્થા માટે ટેન્કરની વ્યવસ્થા કરે તે માટેની માંગ કરવામાં આવી હતી.

હાલ પશુઓના ઘાસ ચારાને લઈને પશુપાલક ધારકોમા મોટી ચિંતા દેખાઈ રહી છે કે ઘાસના ભાવ ખૂબ જ મોઘા છે અને સામાન્ય પરિવાર વેચાતું ઘાસ લાવીને ચારી શકે તેમ નથી. જેના માટે પાંચ દસ ગામની વચ્ચે ઘાસચારા માટે ઘાસના ડેપો શરૂ કરે જેથી કરીને લોકોને સસ્તા ભાવે ઘાસ મળી રહે તે માટેની માંગોની લોકોની રજુઆત કરવામાં આવી છે.

ગોધરા બામરોલી રોડ ઉપર વેપારી પાસેથી ચીલઝડપ કરેલ રોકડ અને મોબાઈલના મુદ્દામાલ સાથે બે આરોપીને ગણતરીના કલાકમાં ઝડપ્યા

ગોધરા, ગોધરા એસ.ઓ.જી. પોલીસને બાતમી મળી હતી કે, મુસ્લીમ બી સોસાયટીમાં રહેતા બે ઈસમોએ કોઇક જગ્યાએથી ચોરી કરેલ મુદ્દામાલ છુપાયેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી તપાસ કરતાં બામરોલી રોડ ઉપર વેપારી પાસેથી ચીલઝડપ કરેલ ૨,૨૦,૧૫૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા એસ.ઓ.જી.પોલીસને બાતમી મળી હતી કે, મુસ્લીમ બી સોસાયટીમાં અશરફ ઈકબાલ બલ્લુ તથા સમીર રમજાની બકકર એ કોઈ સ્થળે થી ચોરી કરેલ મુદ્દામાલ પોતાના ઘરમાં છુપાયેલ છે. તેવી ચોકકસ બાતમીની જાણકારી બી ડીવીઝન પોલીસને આપતા પોલીસે બાતમીવાળા સ્થળે તપાસ કરતાં અશરફ ઈકબાલ બલ્લુના ઘર માંથી કાળા કલરની થેલી માંથી ૧,૦૩,૧૫૦/-રૂપીયા રોકડા, ઓપો મોબાઈલ ફોન કિંમત ૧૭,૦૦૦/-રૂપીયા તથા સમીર રમજાની બકકરના ઘર માંથી ચીલ ઝડપમાં ઉપયોગમાં લેવાયેલ પલસર બાઈક ૧,૦૦,૦૦૦/-રૂપીયા મળી કુલ ૨,૨૦,૧૫૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો. આરોપી ઈસમોએ બામરોલી રોડ હનુમાનજી મંદિર પાસે વેપારી પાસેથી ચીલ ઝડપ કરેલ હતી. તેવા બન્ને આરોપીઓને ગણતરીના કલાકોમાં ઝડપી પાડીને ચીલ ઝડપનો ભેદ ઉકેલવામાં આવ્યો.

મધ્યપ્રદેશની સ્કુલોમાં ભગવાન પરશુરામના જીવનથી જોડાયેલી વાતો ભણાવાશે : મુખ્યમંત્રી

ભોપાલ, મધ્યપ્રદેશના સ્કુલોના પાઠયક્રમોમાં હવે તાકિદે ભગવાન પરશુરામના જીવનથી જોડાયેલ વાતોને ભણાવવામાં આવશે.આ જાહેરાત ખુદ મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે કરી છે.

પરશુરામ જયંતિ પર ભોપાલના ગુફા મંદિરમાં પરશુરામની સૌથી ઉંચી ૨૧ ફુટની અષ્ટ ધાતુથી નિર્મિત મૂર્તિનું અનાવરણ કરવામાં આવ્યું હતું. શિવરાજ ચૌહાણે જાહેરાત કરતા કહ્યું હતું કે હું તાકિદે પાઠયક્રમ સમિતિને બોલાવી નિર્દેશ આપીશ કે ભગવાન પરશુરામજીના ચરિત્રનો પાઠને પાઠયક્રમમાં સામેલ કરવામાં આવે.બધા બાળકો ભણે શું મુશ્કતેલી છે સંસ્કૃત ભણે ભગવાન પરશુરામ ભણે ભગવાન રામ ભણે ભગવાન કૃષ્ણ ભણે ભગવાન ગીતા ભણે તેમાં શું વાધો હોઇ શકે છે.આ સનાતન સંસ્કૃતિ છે આપણી આ સંસ્કૃતિ ભણવી જોઇએ ભગવાન પરશુરામજીનો પાઠ ભણાવવામાં આવે તોમના ચરિત્ર તેમણે જે કામ કર્યું છે તે તો સદૈવ રહેશે કરી રહ્યાં છીએ.

ભગવાન પરશુરામનો ઉલ્લેખ રામાયણ મહાભારત અને કલ્કિ પુરાણ ત્રણેયમાં છે હિન્દુ પૌરાણિક કથાઓ અનુસાર ભગવાન પરશુરામને વિષ્ણુનો છઠ્ઠો અવતાર માનવામાં આવે છે પરશુરામનો મહાનતા અને વીરતાનું પ્રતિક માનવામાં આવે છે પરશુરામ જયંતિ વૈશાખ મહીનાના શુકલ પક્ષની તૃતીયા તિથિમાં મનાવવામાં આવે છે.

સંતરામપુર તાલુકાના પાદેડી અડોર ગામે ટ્રાવેલ્સ અને બાઈક સાથે અકસ્માત : એકનું મોત

સંતરામપુર, સંતરામપુર તાલુકાના પાદેડી અડોર ગામે વેણા ગામેથી વિનોદભાઈ લક્ષ્મણભાઈ કડિયા કામ કરવા માટે ઘરેથી નીકળ્યા હતા. તે દરમિયાન ની મા લજગરી ગાડી અને બાઈક સાથે અકસ્માત સર્જાયો હતો. અકસ્માત સર્જાયા બાદ બાઈક ચાલકનું સારવાર દરમિયાન મૃત્યુ પામેલા હતા. સંતરામપુર પોલીસ ઘટના સ્થળે પહોંચીને અકસ્માત ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરી હતી. મિની લક્ઝરી પૂરઝડપે અને બેફિકરાઈ અને બેફામ રીતે દોડાવીને વિનોદભાઈ લક્ષ્મણભાઈ બાઈક ચાલકને ટક્કર મારી દઈ મોટરસાયકલ સાથે વીસેક ફૂટ સુધી રોડ ઉપરથી ખેંચી લઈને વિનોદભાઈ લક્ષ્મણભાઈને ગંભીર ઈજા પહોંચાડીને ૧૦૮ મારફતે હોસ્પિટલ ખસેડવામાં આવેલ હતા, પરંતુ સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું સંતરામપુર પોલીસે અકસ્માત ગુનો દાખલ કર્યો લક્ઝરી ચાલક ફરાર થઈ ચૂક્યો હતો.

તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર નગરના આવેલું સંત વિસ્તારમાં અચાનક મકાનમાં આગ લાગવાથી મકાનમાં મૂકવામાં આવેલો મંડપનું સામાન ગાદલાઓ, ખુરશી, ડેકોરેશન સંખ્યાબંધ સામાન અને ઘરવખરી સામાન બળીને ખાખ થઈ ગયું હતું. રાતના સમયે અચાનક આગ લાગવાથી સામાન બળીને ખાખ થઈ ગયું હતું.

આપની આજ.....

મેષ : આજે તમે શાંત દિવસ પસાર કરશો. આજે કાર્યક્ષેત્રમાં ધંધો કંઈ ખાસ રહેશે નહીં, છતાં આત્મસંતોષની લાગણીને કારણે મન પરેશાન નહીં થાય. આ દિવસે તમારે તમારા વડીલોના આદેશોનું પાલન કરવું પડશે. સ્પર્ધકો તમારી આગળ ઊભા રહી શકશે નહીં.

વૃષભ : આજે તમારા માટે પ્રગતિનો દિવસ છે. કાર્યસ્થળ પર અનુકૂળ વાતાવરણ રહેશે એટલે સફળ થશો, તેના પરિણામ ચોક્કસપણે નાણાકીય લાભોના રૂપમાં મળશે. આજે કોઈપણ વ્યક્તિ કે જે તમારી પાસે થોડી આશા લઈને આવ્યો છે તે ખાલી હાથે નહીં જાય.

મિથુન : નોકરી કરતા લોકોને વધારે કામ મળતા થોડી અગવડતા રહી શકે છે, પરંતુ બપોર સુધીમાં મહેનતનું ફળ મળવાનું શરૂ થઈ જશે. આર્થિક દ્રષ્ટિકોણથી દિવસ સંતોષકારક રહેશે, છતાં પૈસા સંબંધિત કામોમાં સ્પષ્ટતા રાખો. કોઈની સાથે ઝઘડો ના થાય તેની સંપૂર્ણ કાળજી લો.

કર્ક : આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધંધામાં કોઈ ડીલ રદ થવાની અથવા અન્ય કોઈપણ પ્રકારનો અવરોધ ઊભો થાય તેવી સંભાવના છે. પૈસા સંબંધિત કામમાં સાવચેત રહો, નહીં તો નુકસાન થઈ શકે છે. સાથીઓ ઓફિસમાં સહયોગ ઘટાડશે, જેના કારણે તમારું મન પરેશાન થઈ શકે છે.

સિંહ : આ દિવસે તમારો નિત્યક્રમ થોડો અશાંત રહી શકે છે. તમારે કોઈ ખર્ચાળ કામ કરવા પડશે, જે પારિવારિક સુખ અને શાંતિ માટે જરૂરી રહેશે, પરંતુ બજેટ બગડવાનો ભય છે. મોટાભાગે તમે તમારા પોતાનામાં વ્યસ્ત રહેશો, પરંતુ થોડી આળસ કર્યા પછી તમે તમારું કાર્ય પૂર્ણ નિષ્ઠાથી કરી શકશો.

કન્યા : આજે તમે જાહેર કાર્યોમાં મહત્વપૂર્ણ યોગદાન આપશો. તમારા પરિવારની પ્રતિષ્ઠા વધારવા બદલ તમારા પરિવારના સભ્યોને તમારા પર ગર્વ થશે. પરંતુ ઘરના કાર્યોમાં આળસ રાખતા થોડા સમય માટે વાતાવરણ બગડશે. બપોર સુધીનો સમય વ્યસ્ત રહેશે.

તુલા : આજે તમારી અંદર વધુ ચંચળતા રહેશે. જો મન કોઈ એક નિર્ણયને વળગી નહીં રહે તો લાભની તકો ખોવાઈ શકે છે. આજે તમે ઝડપથી કોઈ પર વિશ્વાસ નહીં કરો. શંકા રાખતા ઘરના સભ્યો સાથે બગાડી શકો છો. આજે એકાગ્રતા રહેશે નહીં. આર્થિક લાભ સાંજના આસપાસ થશે.

વૃશ્ચિક : આજે સિદ્ધિનો દિવસ રહેશે. દિવસની શરૂઆતથી કોઈપણ કાર્ય પૂર્ણ કરવા ઉતાવળ રહેશે. વેપારી વર્ગને આજે થોડી વધુ મહેનત કરવી પડી શકે છે. તમે મિત્રો અને પ્રિયજનોને તમારા ઘરે આમંત્રિત કરી શકો છો અને તેમની સાથે વાત કરવા માટે સારો સમય આપી શકો છો.

ધન : આજનો દિવસ તમારા માટે વિપરિત પરિસ્થિતિવાળો હોઈ શકે છે. તમે જે પણ કાર્ય કરો છો તેની સફળતા શંકાસ્પદ રહેશે, પરંતુ તમને લાભ થતો રહેશે. પરિવારના સભ્યો તમારો મૂડ સમજી શકશે, જેના કારણે પરસ્પર સુમેળ રહેશે. ધાર્મિક ક્ષેત્રની યાત્રા પણ બનશે.

મકર : આ દિવસે તમારી પોતાની ભૂલથી નુકસાન પહોંચાડી શકો છો. તમારા નિર્ણયને વળગી નહીં રહો તો જાહેર ક્ષેત્રમાં અથવા પરિવારમાં ટીકાઓનો સામનો કરવો પડી શકે છે. કાર્યસ્થળ પરનો મોટાભાગનો સમય અવ્યવસ્થિત કાર્યોને સુધારવામાં ખર્ચવામાં આવશે.

કુંભ : તમારા માટે આજનો દિવસ શાંતિપૂર્ણ રહેશે. તમે કાર્યો પ્રત્યે બહુ ગંભીર નહીં રહો, તેમ છતાં તમે જે કાર્ય કરો છો તેમાં નિશ્ચિત સફળતા મળશે. કોઈને પણ આપેલા વચન સમયસર પૂરા કરવામાં અસમર્થ રહેશો. નાણાકીય રીતે આજનો દિવસ ઓછો નફાકારક રહેશે.

મીન : તમારે અનેક કાર્યોનો સામનો કરવો પડશે. ખર્ચ આવક કરતા વધારે હોઈ શકે છે, પરંતુ ફક્ત જરૂરી કામોમાં ખર્ચ કરશો. નજીકના સમયમાં તમને નાણાંનો લાભ થશે. લવ લાઈફ માટે સમય અનુકૂળ છે અને જીવનસાથી તમારા બધા કામમાં સહકાર આપશે.

બિહારમાં પરિવર્તનઃ ૩૦ વર્ષથી લાલુ-નીતીશનું શાસન, પરિવર્તન માટે ૩ હજાર કિમીની પદયાત્રા કરીશ : પ્રશાંત કિશોર

નવીદિલ્હી, ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોરે ગુરુવારે પત્રકાર પરિષદ યોજીને રાજકારણમાં પ્રવેશ કરવાના સ્પષ્ટ સંકેતો આપ્યા હતા. તેમણે કહ્યું કે બિહારને નવી વિચારસરણી અને પ્રયાસોની જરૂર છે. તેમણે કહ્યું કે તેઓ આગામી ૩-૪ મહિનામાં બિહારના લગભગ ૧૭,૦૦૦ લોકો સાથે વાતચીત કરશે. આ માટે તે ચંપારણથી ૩૦૦૦ કિમીની પદયાત્રા શરૂ કરશે. તેની શરૂઆત ૨ ઓક્ટોબરે પશ્ચિમ ચંપારણથી થશે. જો બહુમતી બિહારમાં નવી વિચારસરણી અને પ્રયાસોની ચર્ચા થાય છે અને એવું લાગે છે કે જો કોઈ રાજકીય પક્ષની જરૂર છે તો તેની જાહેરાત કરવામાં આવશે. તેમણે કહ્યું કે તે પ્રશાંત કિશોરની પાર્ટી નહીં હોય. તેમણે કહ્યું કે અત્યારે કોઈ પ્લેટફોર્મ અને પાર્ટી નથી.

પ્રશાંત કિશોરે કહ્યું કે બિહારમાં નવી વિચારસરણી સાથે પરિવર્તનની

જરૂર છે. બિહારના તે લોકો જેઓ અહીની સમસ્યાનો ઉકેલ લાવવાની ક્ષમતા ધરાવે છે અને બિહારને બદલવાનો જુસ્સો ધરાવે છે, તે લોકોને સાથે લાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. ચૂંટણી રણનીતિકારે કહ્યું કે જેઓ અહીંના સામાજિક અને રાજકીય જમીન સાથે જોડાયેલા છે. તેમને એક પ્લેટફોર્મ પર ઊભા કરવા છે. ૪-૫ મહિનામાં આવા ૧૭ હજારથી વધુ લોકોની ઓળખ કરવામાં આવી છે.પીકેએ કહ્યું કે, હું તેને વ્યક્તિગત રીતે મળવા જઈ રહ્યો છું અને બિહારમાં જે સ્વરાજના વિચારોને આગળ લઈ જવા માટે જે કંઈ કરવાની જરૂર છે, હું તેમની સાથે વાત કરીશ.

બંને બાબતોમાં થોડું સત્ય છે. પરંતુ એ હકીકતમાં પણ સત્ય છે કે લાલુ અને નીતીશના ૩૦ વર્ષના શાસન પછી પણ બિહાર દેશનું સૌથી પછાત અને સૌથી ગરીબ રાજ્ય છે. આ સત્યને કોઈ નકારી શકે નહીં. બિહાર વિકાસના મોટાભાગના માપદંડોમાં પાછળ છે. જો તમે ૧૦-૧૫ વર્ષના માર્ગને જોશો તો તે વાત તો ચોક્કસ છે કે આ માર્ગે આપણે ઊંચાઈ સુધી પહોંચી શકીશું નથી. બિહારને અગ્રણી રાજ્યની શ્રેણીમાં લાવવા માટે નવી વિચારસરણી અને નવા પ્રયાસોની જરૂર છે. તે ચર્ચાસ્પદ મુદ્દો હોઈ શકે છે કે તે નવો વિચાર અને નવો પ્રયાસ કોણ કરી શકે અને કોની પાસે છે. હું માનું છું કે નવું વિચારવાની અને નવા પ્રયત્નો કરવાની ક્ષમતા કોઈ એક વ્યક્તિમાં હોય છે.

પીકેએ કહ્યું, 'છેલ્લા ૩ દાયકાથી બિહારમાં લાલુ યાદવ અને નીતિશ કુમારનું શાસન છે. પહેલા ૧૫ વર્ષ લાલુજી અને હવે છેલ્લા ૧૫ વર્ષથી નીતિશ કુમાર બિહારના મુખ્યમંત્રી છે. લાલુજી અને તેમના સમર્થકો માને છે કે ૧૫ વર્ષના શાસનમાં સામાજિક ન્યાયનું શાસન ચાલ્યું હતું. જે લોકો આર્થિક અને સામાજિક રીતે પછાત હતા સરકારે તેમનો અવાજ ઉઠાવ્યો છે. નીતિશ સમર્થકો માને છે કે તેમની સરકારે આર્થિક વિકાસ અને અન્ય સામાજિક પાસાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે અને વિકાસ કર્યો છે.

જો કોઈ રાજકીય પક્ષની જાહેરાત કરવામાં આવે તો તે પ્રશાંત કિશોરની પાર્ટી નહીં હોય. તે એવા લોકોની પાર્ટી હશે, જેઓ બિહારમાં પરિવર્તન, શાસન અને નવી વિચારસરણીની વાતનું સમર્થન કરે છે. હાલમાં કોઈ પાર્ટી નથી અને કોઈ પ્લેટફોર્મ નથી. તમે મને બિહારમાં રાજકીય એક્ટિવિસ્ટ તરીકે જોઈ શકો છો. નીતિશ કુમાર સાથે મારો કોઈ વ્યક્તિગત મતભેદ નથી. નીતિશ કુમાર દિલ્હી આવે છે અને લોકો કહેવા લાગે છે કે હું જેડીયુમાં જોડાઈશ. પરંતુ, આ ખાલી અફવાઓ છે.

પ્રશાંત કિશોરે મુખ્યમંત્રી નીતિશ પર નિશાન સાધતા કહ્યું હતુ કે બિહારમાં શિક્ષણ, આરોગ્ય, રોજગારની વ્યવસ્થાને સંપુર્ણપણે નષ્ટ કરી નાંખી છે. કિશોરે વધુમાં કહ્યું હતુ કે નીતિશ કુમારની સાથે વ્યક્તિગત રીતે મારા ખુબ જ સારા સંબંધ છે, પણ દરેક મુદ્દા પર હું તેમની સાથે સંમત નથી.

પ્રશાંત કિશોરનો જન્મ ૧૯૭૭માં બિહારના બક્સર જિલ્લામાં થયો હતો. તેમના માતા ઉત્તર પ્રદેશના બલિયા જિલ્લાના છે, જ્યારે પિતા બિહાર સરકારમાં ડૉક્ટર છે. તેમની પત્નીનું નામ જહાન્વી દાસ છે, જે આસામના ગુવાહાટીમાં ડોક્ટર છે. પ્રશાંત કિશોર અને જહાન્વીને એક પુત્ર છે.પીકેના રાજકીય કરિયરની વાત કરીએ તો તેઓ ૨૦૧૪માં મોદી સરકારને સત્તામાં લાવવાના કારણે ચર્ચામાં આવ્યા હતા. તેઓ એક ઉત્તમ ચૂંટણી વ્યૂહરચનાકાર તરીકે જાણીતા છે. હંમેશા તેઓ પડદા પાછળ રહીને પોતાની ચૂંટણીની રણનીતિને આગળ ધપાવે છે.

૩૪ વર્ષની ઉંમરે આફ્રિકાથી યુનાઈટેડ નેશન્સની નોકરી છોડીને, કિશોર ૨૦૧૧ માં ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ટીમમાં જોડાયા હતા. ત્યાર પછી રાજકારણમાં બ્રાન્ડિંગનો યુગ શરૂ થયો હતો.પીકેને મોદીની અદ્યતન માર્કેટિંગ અને ચાય પે ચર્ચા, ઉડી રેલી, રન ફોર યુનિટી, મંથન જેવા જાહેરાત અભિયાન માટે શ્રેય આપવામાં આવે છે. તેઓ ઈન્ડિયન પોલિટિકલ એક્શન કમિટી નામની સંસ્થા ચલાવે છે. તે નેતૃત્વ, રાજકીય વ્યૂહરચના, સંદેશ અભિયાન અને ભાષણોનું બ્રાન્ડિંગ કરે છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

લીમખેડા તાલુકાના ખાખરીયાના ચર્ચાસ્પદ અપહરણ અને હત્યા કેસમાં આરોપીઓને છાવરનાર કોણ ?

- લીમખેડા તાલુકા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ, ખીરખાઈના સરપંચ અને જિલ્લા પંચાયતના સભ્ય ઉપર કોની રહેમ નજર ?

- આરોપીઓની ધરપકડ કરવામાં આવે અને કડકમાં કડક કાર્યવાહી કરવાની માંગણી સાથે દાહોદ જિલ્લા પોલીસવડા દ્વારા ગ્રામજનોએ આવેદનપત્ર આપ્યું.

લીમખેડા,

લીમખેડા તાલુકાના પરમારના ખાખરીયા ગામે રહેતાં સુકમભાઈ કલાભાઈ નિનામાનું ચર્ચાસ્પદ અપહરણ અને હત્યા કેસમાં પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી ૧૪ દિવસના રિમાન્ડની માંગણી સાથે કોર્ટમાં રજુ કરતાં કોર્ટે ૦૩ દિવસના રિમાન્ડ મંજુર કર્યાં હતા, પરંતુ રાજકીય વગ ધરાવતાં ભાજપના બે નેતા સહિત ત્રણેય આરોપીઓને પોલીસ કેમ અને કયાં કારણોસર ઝડપી શકી નથી તે પણ વિચાર માંગી લેતો પ્રશ્ન છે.

લીમખેડા તાલુકાના પરમારના ખાખરીયા ગામનો સુકમભાઈ નિનામાનો પુત્ર પંકેશભાઈ નિનામા ખીરખાઈ ગામે રહેતાં રચલા મણીયાભાઈ ડામોરની પુત્રી ભગાડી ગયો હતો. જેની અદાવત રાખી ખીરખાઈ ગામના સરપંચ તથા તાલુકા પંચાયતના પુર્વ ઉપપ્રમુખ સરતન ઉર્ફે કાંગાભાઈ મકનભાઈ ડામોર તથા દાહોદ જિલ્લા પંચાયતના ભાજપના સભ્ય અને તેની પત્નિ ટીનાબેન ડામોર, પોપટ રાજુ ડામોર અને રચલા ડામોરે ભેગા મળીને ગત ૨૯મી એપ્રિલના રોજ સુકમભાઈનું અપહરણ કરીને મોતને ઘાટ ઉતાર્યો હતો. આ સંદર્ભે લીમખેડા પોલીસ તંત્ર રાજકીય દબાણમાં આવીને ઘટનાના કલાકો વીતી ગયાં છતાં જિલ્લા પંચાયતના સભ્ય અને તેના સરપંચ પતિનું નામ ફરીયાદમાં દાખલ કરવામાં ઉણું ઉતર્યું હતું. ત્યારે મૃતકના પરિવારજનો અને ખાખરીયા ગામના લોકોએ મૃતકની લાશનો કબજો લેવાનો ઈનકાર કરતાં હરકતમાં આવેલી લીમખેડા પોલીસને ફરિયાદમાં નામ દાખલ કરવાની ફરજ પડી હતી. જેના કારણે મૃતકની લાશનું પીએમ પણ બીજા દિવસે થયું હતું. ફરિયાદ બાદ ઉક્ત ઘટનામાં સંડોવાયેલા ૦૬ આરોપીઓ પૈકી ૦૩ આરોપી નામે મણીયા નારસીંગ ડામોરની ખીરખાઈ ગામેથી, પોપટ રાજુ ડામોરની અંબા ગામેથી અને રચલા મણીયા ડામોરની પીપલોદ ગામેથી પોલીસે ધરપકડ કરી રિમાન્ડ મેળવવા માટે કોર્ટમાં રજુ કરતાં કોર્ટે ૦૩ દિવસના રિમાન્ડ મંજુર કર્યાં હતાં.

મૃતકના પરિવારજનો દ્વારા ભારે ધમપછાડા કર્યાં બાદ રાજકીય વગ ધરાવતાં જે આરોપીઓના નામ પોલીસ ફરિયાદમાં દાખલ કરાવ્યાં હતા. એમાંના એકેય આરોપીની ધરપકડ નહીં કરાતાં સમગ્ર બનાવ અંગે ઉચ્ચ કોટી રાજકીય દબાણ હેઠળનું ભીનું સંકેલવાના પ્રયત્નો થઈ રહ્યાં હોવાનું સામાન્ય જનને પ્રતિત થઈ રહ્યું છે. જોકે, સમગ્ર બનાવમાં મુળ સુધી પહોંચવાની સક્રિયતાને કારણે આ બનાવમાં ઝડપાયેલા આરોપીઓ ભલે પોલીસ કસ્ટડીમાં છે, પરંતુ ઘટનાને ૦૭ – ૦૭ દિવસ વતવા છતાંય પોલીસ હજુ સુધી હત્યામાં સંડોવાયેલા મનાતા લીમખેડા તાલુકા પંચાયતના પુર્વ ઉપપ્રમુખ અને ખીરખાઈ ગામના સરપંચ સરતન ઉર્ફે કાંગાભાઈ ડામોર અને તેની પત્નિ જિલ્લા પંચાયતની સભ્ય ટીનાબેન ડામોરને કેમ અને કયાં કારણોસર ઝડપી શકી નથી તે પણ વિચાર માંગી લે તેવો પ્રશ્ન છે.

દાહોદ નગરપાલિકામાં ચીફ ઓફિસર ગેરહાજર રહેતા પાલિકાનું વહીવટીતંત્ર કથળ્યું : પેનશન તેમજ કર્મચારીઓના પગાર અટવાયા..!!

- પાલિકામાં થોડા દિવસ પહેલા બદલી થઈને આવેલા ચીફ ઓફિસર અવારનવાર ગેરહાજર રહેતા અરજદારોને ધક્કા ખાવા મજબુર : કર્મચારીઓમાં કકળાટ.

- પાલિકાના જવાબદાર અધિકારીની સતત ગેરહાજરીના કારણે મહત્વના કામો પર લાગી બ્રેક.

- આચોજનો, ચુકવણા, કર્મચારીઓના પગારો, પેંશન, સહિતના કામો ખોરભે પડ્યા.

દાહોદ,

દાહોદ નગરપાલિકામાં થોડા દિવસ પહેલા પદસ્થ થયેલા ચીફ ઓફિસર છેલ્લા કેટલાય સમયથી સતત ગેરહાજર રહેતા દાહોદ નગરપાલિકાના કામો ખોરંભે પડ્યા છે. ચીફ ઓફિસર અવાર નવાર રજા પર ઊતરી જતા પ્રજાલક્ષી તેમજ જાહેર પ્રજાના કામો પર બ્રેક લાગી જવા પામી છે. તેમજ કર્મચારીઓનાં પગાર, પેંશન તેમજ સહિતના કામો અટવાઈ જતાં કર્મચારીઓ તેમજ અરજદારોમાં કકળાટ જોવા મળી રહ્યો છે.

ગુજરાત સરકાર દ્વારા થોડા સમય પહેલા વહીવટી કારણોસર દાહોદ નગરપાલિકાના ચીફ ઓફિસર નવનીત પટેલની બદલી હિંમતનગર ખાતે કરી હતી. તેમજ હિંમતનગર ના યુવાન ચીફ ઓફિસર યશપાલસિંહ વાઘેલાની દાહોદ ચીફ ઓફિસર તરીકે નિયુકિત કરી હતી. ત્યારબાદ નગરપાલિકાના નવનિયુકત ચીફ ઓફિસર પાસે વાઘેલાએ વિધિવત રીતે પદભાર ગ્રહણ કર્યો હતો. દાહોદ નગરપાલિકાના ચીફ ઓફિસરની કમાન નવયુવાન અને તેજ તરરાર યશપાલ સિંહ વાઘેલાને મળતા દાહોદ શહેરમાં છેલ્લા કેટલાય સમયથી ધીમે તેમજ મંથર ગતિએ ચાલી રહેલા સ્માર્ટ સિટી સહિતના કામો વેગવંતા બનશે. તેમજ વિકાસના કાર્યો ઝડપથી પૂર્ણ થશે તેવો આશાવાદ દાહોદ શહેરના શહેરીજનોમાં બંધાયો હતો. પરંતુ નવનિયુક્ત ચીફ ઓફિસર યશપાલ સિંહ વાઘેલા અવાર નવાર રજા પર ઊતરી જતા જાહેર હિતના તેમજ પ્રજાલક્ષી કામો વેગવંતા બનવાની જગ્યાએ ખોરંભે પડી ગયા છે. દાહોદ નગરપાલિકામાં તેઓની સતત ગેરહાજરીના કારણે નગરપાલિકામાં કામો અંગેની અરજીઓ લઈને આવતાં અરજદારોને ધક્કા ખાવાનો વારો આવ્યો છે. નગર પાલિકાની આવક તેમજ સ્વભંડોળ પર ચીફ ઓફિસરની કોઈ દેખરેખ જોવા મળતી નથી. જેના કારણે બાકી રહેલા ચુકવણા નગરપાલિકાના કામ કરતા કર્મચારીઓના પગારો,તેમજ પેન્શન અટવાઈ જવા પામી છે. જેના પગલે પાલિકાના કર્મચારીઓ સહિત અરજદારોમાં કકળાટ જોવા મળી રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, નગરપાલિકાના જવાબદાર અધિકારીઓ પોતાની ફરજ પ્રત્યે આળસ દાખવી ગેરહાજર રહેતા શહેરીજનો તેમજ પાલિકા તંત્રમાં ઘોર નિરાશા જન્મી છે. જોકે હજી પણ કશું વહી ગયું નથી. પાલિકાના નવનિયુક્ત ચીફ ઓફિસર આળસ ખંખેરી દાહોદના શહેરીજનોને ધ્યાને લઈ પ્રજાલક્ષી તેમજ જાહેર હિતના કામોમાં અંગત રાખવી પાલિકાનો ખાડે ગયેલા તંત્રને punepાલિકાનો ખાડે ગયેલા તંત્રને પુનઃબેઠું કરે તમે લાગણી તેમજ માંગણી શહેરીજનોમાં પ્રવર્તમાન સંજોગોમાં ઉઠવા પામી છે.

દાહોદ જીલ્લામાં બે અલગ-અલગ અકસ્માતના બનાવમાં બેના મોત

દાહોદ,

દાહોદ જિલ્લામાં બે જુદી જુદી જગ્યાએ વાહન ચાલકોની ગફલતના કારણે સર્જાયેલ માર્ગ અકસ્માતને બનેલા બે બનાવોમાં એક મહિલા સહિત બે જણાના મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ દેવગઢ બારીઆ તાલુકાના મોટીઝરી ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૪ મેના રોજ દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના ચમારીયા ગામે રહેતાં રમેશભાઈ ચુનીલાલ મકવાણાએ પોતાના કબજાની ફોર વ્હીલર ગાડીમાં અંજનાબેન તથા કાનજીભાઈ સામજીભાઈ બારીયા (બંન્ને રહે. ફુલપુરા, તળ ફળિયુ, તા. ઝાલોદ, જિ.દાહોદ) નાને બેસાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી અચાનક પોતાના કબજાની ફોર વ્હીલર ગાડી પરના સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતાં ફોર વ્હીલર ગાડી રસ્તાની સાઈડમાં આવેલ નાળાની દિવાસ સાથે ધડાકાભેર અથડાઈ હતી. જેને પગલે અંજનાબેન તતા કાનજીભાઈને સારવાર અર્થે નજીકના દવાખાને ખસેડવામાં આવતાં સારવાર દરમ્યાન અંજનાબેન કાનજીભાઈ બારીયાનું મોત નીપજતાં આ સંબંધે ઝાલોદ તાલુકાના ફુલપુરા ગામે તળ ફળિયામાં રહેતાં જોરસીંગભાઈ કલસીંગભાઈ બારીઆએ પીપલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ દાહોદ તાલુકાના નવાગામ ખાતે બનવા પામ્યો હતો. જેમાં ગત તા. ૨ મેના રોજ દાહોદ તાલુકાના લીમડાબરા ગામે ગામતળ ફળિયામાં રહેતાં અંકિતભાઈ રમેશભાઈ લબાના પોતાના કબજાની મોટરસાઈકલ લઈ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી નવાગામેથી પસાર થઈ રહ્યાં હતાં. તે સમયે મોટરસાઈકલની વધુ પડતી ઝડપના કારણે મોટરસાઈકલ સ્લીપ ખાઈ જતાં અંકિતભાઈ મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાતાં તેઓને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમને પ્રાથમીક સારવાર અર્થે નજીકના દવાખાને ખસેડવામાં આવ્યાં હતા. જ્યાં તેઓની સ્થિતી નાજુક જણાતાં તેઓને વધુ સારવાર અર્થે અમદાવાદની હોસ્પિટલમાં ખસેડવામાં આવતાં સારવાર દરમ્યાન ગતરોજ અંકિતભાઈનું મોત નીપજતાં આ સંબંધે દાહોદ તાલુકાના લીમડાબરા ગામે ગામતળ ફળિયામાં રહેતાં અમરસીંગભાઈ ઓકારભાઈ લબાનાએ કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દાહોદ જીલ્લામાં વધતો જતો વ્યાજખોરોનો આતંક

દાહોદ,

દાહોદ જિલ્લામાં વ્યાજખોરોના આતંક વધી રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં એક વ્યક્તિએ એક ઈસમ પાસેથી એક લાખ રૂપીયા વ્યાજે લીધાં બાદ નિયત મુદ્દત કરતાં પાંચ દિવસ વધી જતાં નાણાંની ભરપાઈ સમયસર ન કરી શકતાં વ્યાજે પૈસા આપનાર ઈસમ દ્વારા વ્યક્તિની દુકાને જઈ ઝઘડો તકરાર કરી પરિવારને મારી નાંખવાની ધાકધમકીઓ આપતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

લીમડી નગરમાં ગારીવાસ વિસ્તારમાં રહેતો રાજકુમાર ઉર્ફે રાજુભાઈ રમણભાઈ ગોહિલે પોતાના વિસ્તારમાં રહેતાં વિકાસ પ્રકાશચંદ્ર જૈનને બે મહિના પહેલા રૂપીયા એક લાખ ૬૦ દિવસના વાયદે રૂ. ૩૫,૦૦૦ વ્યાજ સહિત ભરપાઈ કરવાની શરતે આપ્યાં હતાં. આ રૂપીયા સમયમર્યાદાના પાંચ દિવસ વધી જતાં પેનલ્ટીના રૂ.૧૮,૦૦૦ માંગણી કરી લીમડીમાં નહીં રહેવા દેવા તથા પત્નિ તથા છોકરા સાથે મારી નાંખવાની ધાકધમકીઓ આપતાં રૂ. ૧૩,૦૦૦ રાજભાઈને વિકાસે આપ્યાં હતાં અને બીજા રૂ. ૫,૦૦૦ આપવાના બાકી હતા. જેની અવાર નવાર ઉઘરાણી કરી વિકાસની દુકામાં ગેરકાયદે પ્રવેશ કરી વિકાસનો મોબાઈલ ફોન માંગતાં વિકાસે આપવાની ના પાડતાં રાજભાઈએ મોબાઈલ લઈ નાસી જઈ મારી નાંખવાની ધમકી આપતાં આ સંબંધે વિકાસ પ્રકાશચંદ્ર જૈન દ્વારા લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દાહોદની જિલ્લા રોજગાર કચેરી દ્વારા નિઃશુલ્ક કન્સ્ટ્રકશન તાલીમ અપાશે

દાહોદ,

જીલ્લા રોજગાર કચેરી દાહોદ દ્વારા દાહોદ જીલ્લામાં રહેતા બાધકામ શ્રમિકોના યુવાન બાળકો માટે નિઃશુલ્ક તાલીમ યોજાશે. આ તાલીમમાં જોડાવવા માંગતા ઉમેદવારોની ઉંમર ૧૮ થી ૩૫ વર્ષ હોવી જોઈએ. અભ્યાસ ૬ પાસ થી ૧૨ પાસ હોવો જોઈએ, શારીરિક રીતે તેમની ઉચાઈ ૧૫૫ સેમી અને વજન ૪૫ કિલો જોઈએ. આ તાલીમમાં પાલક/સ્કેફોલડીંગ– ૧ માસની તાલીમ, શટરીંગ–ફોર્મ વર્ક– ૨ માસની તાલીમ, સેન્ટીંગ–૨ માસની તાલીમ, કડીયાકામ/ ચણતર–પ્લાસ્ટર– ૨ માસની તાલીમ એમ આ ચાર પ્રકારના કોર્ષની તાલીમ એલ એન્ડ ટી કન્સ્ટ્રકશન સ્કીલ ઈન્સ્ટીટયુટ ચાચાર્વાડી માતા બસ સ્ટોપ પાસે, બાવળા સરખેજ હાઈવે, અમદાવાદ ખાતે યોજાશે.

આ તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરનારને પ્રમાણપત્ર આપવામાં આવશે તથા માસિક ૬૫૦ રૂપિયા સ્ટાઈપંડ અપાશે. તેમજ બુલેટ ટ્રેન પ્રોજેકટની મેટ્રો કન્સ્ટ્રકશન સાઈટ પર બે વર્ષની એપ્રેન્ટીસીપ યોજનામાં જોડાઈ શકશે. અમદાવાદ ખાતે ૧ થી ૨ માસની તાલીમમાં તાલીમાર્થીને રહેવા અને જમવાની તમામ સુવિધા વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે. આ તાલીમમાં જોડાવવા માટે રોજગાર કચેરી દાહોદના ફેસબુક પેજ jilla rojgar kacheri dahod પર સંપર્ક કરવો તથા રોજગાર કચેરીની હેલ્પલાઈન ૦૨૬૭૩– ૨૩૯૧૫૯ તથા રોજગાર સેતુ હેલ્પલાઈન નંબર ૬૩૫૭૩૯૦૩૯૦ ઉપર સંપર્ક કરવા જિલ્લા રોજગાર અધિકારીએ જણાવ્યું છે.

દાહોદના હેલ્થ વેલનેસ સેન્ટર, રાબડાલ ખાતે આંતરરાષ્ટ્રીય મિડવાઈફ દિવસની ઉજવણી કરાઈ

તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદનાં હેલ્થ વેલનેસ સેન્ટર, રાબડાલ ખાતે આંતરરાષ્ટ્રીય મિડવાઈફ દિવસની ઉજવણી કરાઈ હતી. જેમાં ૫૫ જેટલી સગર્ભા મહિલાઓને ગાયત્રી પરિવારના સહયોગથી ગર્ભ સંસ્કાર પરંપરાનો લાભ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડો.સી.આર. પટેલ સહિતના અધિકારીઓ તેમજ ગામના સરપંચ પણ ઉપસ્થિત રહ્યાં હતા.

મિડવાઈફ એ એક આરોગ્ય પ્રોફેશનલ છે. જે ગર્ભાવસ્થા, પ્રસુતિ અને જન્મ આપવા દરમિયાન સગર્ભાને મદદ કરી પોતાની સ્કીલથી આવનારા જોખમ ઓછા કરી નોર્મલ પ્રસૃતિ કરાવે છે. તેમજ મોટા જોખમ હોય તો સ્પેશ્યાલીટી હાયર સેન્ટર ખાતે પણ મોકલવામાં આવે છે. અહીંના રાબડલ ખાતેના હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટરના મિડવાઈફ તરીકે પ્રદીપ પંચાલ ફરજ બજાવે છે. અહીંના સેન્ટર ખાતે આદર્શ નવજીવન કક્ષડીલીવરી રૂમ બનાવાયો છે. જયા આદર્શ પ્રસૃતિ સેવાઓ રાઉન્ડ ધ ક્લોક ઉપલબ્ધ છે. આ સેન્ટર ઉપર એનપીએમ દ્વારા જોડિયા બાળકો, ઉંધા બાળકો, નાના જોખમો સાથે આવતી સગર્ભા મહિલાઓને નોર્મલ પ્રસૃતિ કરાવાય છે. તેમજ નવજાત શિશુઓને પણ યોગ્ય સારવાર થકી નવજીવન અપાય છે.

અહીંના સેન્ટર ખાતે સગર્ભા માતા અને નવજાત શીશુંઓની આરોગ્ય સારસંભાળ, રસીકરણ, કુંટુંબ કલ્યાણને લગતી સેવાઓ, સામાન્ય રોગોની સારવાર સહિતની વિવિધ આરોગ્ય સુવિધાઓ સામાન્ય નાગરિકો માટે ઉપલબ્ધ છે. આજના કાર્યક્રમમાં ડો. રાકેશ વુહાનીયા, THO ડો. ભગીરથ બામણીયા, M.O. ડો. અવિનાશ ડામોર તેમજ સરપંચ ગંગાબેન નિનામા તેમજ લાભાર્થી સગર્ભા માતાઓ ઉપસ્થિત રહ્યાં હતા.

ગાંધીના ગુજરાતની મહિલાઓમાં દારૂનું સેવન વધ્યું : પરમીટમાં ધરખમ વધારો નોંધાયો

દે.બારીયા,

આપણા ગરવી ગુજરાતની સ્ત્રીઓ હવે લગભગ દરેક ક્ષેત્રમાં પુરૂષોને પાછળ મૂકી રહી છે. માર્કેટીંગ કે હાર્ડવર્ક હોય કે એસી રૂમમાં બેસીને નોકરી કરવાની હોય કે ૧૦૮ એમ્બ્યુલન્સમાં ડ્રાયવરની નોકરી કરવાની હોય કે પોલીસ કોન્સ્ટેબલ, વનરક્ષક કે પછી એસ.ટી.માં કંડક્ટર તરીકે ફરજ હોય તમામ ક્ષેત્રોમાં સ્ત્રીઓની સ્ત્રીઓ પાછળ નથી. આની સાથે મહિલાઓ દારૂના નશા માટે પરમીટ માટે કરાતી અરજીમાં પણ ધરખમ વધારો થયો જોવા મળે છે. ૨૦૨૦–૨૧ કોરોનાકાળ દરમિયાન મહિલાઓને મળતી કિલર પરમીટ બમણી થવા પામી છે. પોતાને દારૂ પીવાની મંજુરી આપવામાં આવે તેવી દરખાસ્ત સાથે કેટલા કારણો પણ મહિલાઓ દ્વારા રજુ કરવામાં આવ્યા છે. ચાલુ વર્ષમાં પણ જે પરમીટ મળી છે. તેના પણ આંકડા ચોંકાવનારા અને આશ્ચર્ય પમાડે તેવા છે.

આધારભૂત રીપોર્ટ મુજબ ૨૦૧૭માં માત્ર ૫ મહિલાઓને દારૂ પીવાની છુટ આપવામાં આવી હતી. જે પછી ૨૦૧૮ અને ૨૦૧૯માં આંકડો અનુક્રમે ૧૧ અને ૩૫ થયો હતો. આંમ, વર્ષ ૨૦૨૦ થી મહિલાઓ લીગલ પરમીટ માટે કરેલી દરખાસ્ત માટે મંજુરીનો આંકડો પાછલા વર્ષોની સરખામણીએ બમણો થઈ જવા પામ્યો છે. આ સાથે મોટો ઉછાળો નોંધાયો છે. જેમાં ૨૦૨૦ વર્ષમાં ૫૭ મહિલાઓને જ્યારે ૨૦૨૧ માં ૧૨૧ મહિલાઓને દારૂ પીવાની પરમીટ આપવામાં આવી છે. ચાલુ વર્ષમાં ૨૦૨૨માં જાન્યુઆરીથી માર્ચ સુધી માત્ર ત્રણ જ મહિનામાં આનો આંકડો ૪૬ પર પહોંચી જવા પામ્યો છે. શું ? આ ગાંધીના ગુજરાતમાં યોગ્ય છે. ખરું ...?

દે.બારિયા તાલુકાની ખેડા ફળિયા સિંગોર પ્રાથમિક શાળા ખાતે F.N.L. ગૃહકાર્ય પોથીનું વિમોચન

દે.બારીઆ,

દે.બારીઆની ખેડા ફળિયા સિંગોર પ્રાથમિક શાળા ખાતે F.N.L.ગૃહકાર્યપોથીનું વિમોચન કરવામાં આવ્યું. દે.બારીઆ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી કે.એલ. ભરવાડ, બી.આર.સી ધર્મેશ એન.પટેલ, શૈક્ષિક મહાસંઘ મહામંત્રી નિતેશભાઈ પટેલ કાળીડુંગળી પગાર કેન્દ્ર આચાર્ય અશ્વિનસિંહ ઠાકોર, સી.આર.સી સુરજસિંહ ઝાલા, રાજેન્દ્રસિંહ જાદવ દ્વારા F.N.L. ગૃહકાર્યપોથીનું વિમોચન કરવામાં આવ્યું. આ ગૃહકાર્યપોથી ખેડા ફળિયા પ્રાથમિક શાળાના શિક્ષક શૈલેષભાઈ હરિજન તથા ભાનુબેન સોલંકી દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. બાળકો વેકેશનમાં શીખેલું ભૂલી ન જાય અને કોરોનાકાળમાં થયેલ લર્નિંગ લોશને ઘટાડવો આ તેમનો મુખ્ય ઉદ્દેશ છે. આ ગૃહકાર્યપોથી નિર્માણમાં દાહોદ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મયુર એસ.પારેખ દ્વારા પ્રેરક અને માર્ગદર્શકની ભૂમિકા ભજવી હતી. દાહોદ જિલ્લા શૈક્ષિક મહાસંઘ મંત્રી મિતેશભાઈ પટેલ શૈલેષભાઈ હરિજનના આર્થિક સહયોગથી કાળીડું ગળી પગાર કેન્દ્રની ૧૭ શાળાના ૮૦૦ બાળકોને આ ગૃહકાર્યપોથી પહોંચાડવામાં આવી હતી.

આગામી ખરીફ પાકોના વાવેતર સમયે બિયારણની ખરીદી વખતે ખેડૂતોએ આ બાબતનું ધ્યાન રાખવું

દાહોદ,

રાજ્યના તમામ ખેડૂતોને આગામી ખરીફ ઋતુમાં વાવેતર માટે બિયારણ ખરીદી કરતી વખતે આ બાબતોની ખાસ કાળજી રાખવી. બિયારણની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ–પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ, સરકાર માન્ય એગ્રીકલ્ચર યુનીવર્સીટી અથવા ખાનગી વિક્રેતા પાસેથી જ કરવાનો આગ્રહ રાખવો.

બિયારણની ખરીદી સમયે વેપારી પાસેથી ખરીદી બીલ સહી સાથે અવશ્ય લેવું. જેમાં એનો લાયન્સસ નંબર, પુરૂ નામ, સરનામું અને જે બિયારણ ખરીદેલ હોય તેનું નામ, લોટ નંબર, ઉત્પાદન અને મુદ્દત પુરી થવાની વિગત દર્શાવેલ હોય.

વધુમાં બિયારણની થેલી સીલબંધ છે કે કેમ, તેમજ મુદ્દત પુરી થઈ હોય તેવા બિયારણની ખરીદી કરવી નહી. ખાસ કરીને કપાસ પાકના બિયારણની થેલી અથવા પેકેટ કે જેના પર ઉત્પાદકનું નામ, સરનામું અને બિયારણના દર્શાવેલ ન હોય તેવા ૪જી અને પજી જેવા જુદા જુદા નામે વેચાતા અમાન્ય બિયારણ/ડુપ્લીકેટ બિયારણ ગામડામાં સીધા ખેડૂતોને વેચાતા હોવાનું જો ધ્યાને આવે તો તાત્કાલિક સંબધિત એગ્રીકલ્ચર ઈન્સપેક્ટર અથવા જિલ્લાના તમામ નાયબ ખેતી નિયામક–વિસ્તરણને તુરંત જાણ કરવી. વાવણી બાદ ખરીદેલ બિયારણનું પેકેટ–થેલી તેમજ તેનું બીલ પણ સાચવી રાખવું જરૂરી છે. તેમ દાહોદનાં નાયબ ખેતી નિયામક (વિસ્તરણ)એ એક યાદીમાં જણાવ્યું છે.

જીલ્લા વિકાસ અધિકારીએ ગરબાડા તાલુકા પંચાયતમાં ઓચિંતી મુલાકાત લીધી

તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ગરબાડા તાલુકા પંચાયતની મુલાકાત લઈ તમામ તલાટી કમ મંત્રી તેમજ તમામ સ્ટાફની કામગીરીનો રિવ્યૂ કરવામાં આવ્યો. હાલમાં મંજુર થયેલ ગ્રામ પંચાયત ઘરો તેમજ આંગણવાડીના મકાનોની પ્રગતિની સમીક્ષ કરવામાં આવી. હાલમાં રાજ્ય સરકાર દ્વારા જાહેર સૂપોષિત માતા સ્વસ્થ બાળક યોજના અંતર્ગત ખાસ રિવ્યૂ કરવામાં આવ્યો તેમજ અન્ય તમામ યોજનાઓની કામગીરીની પણ સમીક્ષા કરવામાં કરવામાં આવી. જિલ્લાકક્ષાએથી આ રિવ્યૂ મિટિંગમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી પંચાયત તેમજ પ્રોગ્રામ ઓફિસર (ICDS) હાજર રહેલ તેમજ તાલુકા કક્ષાના તાલુકા વિકાસ અધિકારી, તાલુકા આરોગ્ય અધિકારી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, સીડીપીઓ તેમજ નાયબ કાર્યપાલક ઈજનેર પંચાયત તેમજ તાલુકા પંચાયત નો તમામ સ્ટાફ હાજર રહેલ.

ગોધરા બી ડીવીઝન પોલીસ મથક વિસ્તારમાં બે સ્થળે જુગાર સ્થળે રેઈડ કરી ૧૧ જુગારીયાને ઝડપ્યા

ગોધરા,

ગોધરા શહેરના જહુરપુરા શાકમાર્કેટની બાજુમાં ખુલ્લી જગ્યામાં તેમજ ખાખરીયા પ્લોટમાં જુગાર રમતા ઈસમોને પોલીસે ઝડપી પાડયા. આ બાબતે જુગારીઓ વિરૂદ્ધ બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ. ગોધરા જહુરપુરા શાકમાર્કેટની બાજુમાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી મહેફુઝ હુસેન હશન, મુસા મહમંદ દુર્વેશ, ઉમર ફારૂક હુસેન હશન, ઈશાક હુસેન નારી ઉર્ફે બાંડી, ઈલ્યાસ મોહમદ ચરખા, ફારૂક મુસા સદામસ, મોહમદ સઈદ ઉસ્માઈલ ઉસ્માની ઉર્ફે પાડાને ઝડપી પાડી દાવ ઉપર મુકેલ અને અંગઝડપીના ૨૩૧૦/–રૂપીયાના મુદ્દામાલ કબ્જે લેવાયા. જ્યારે ગોધરા ખાખરીયા પ્લોટમાં બાવળની ઝાડમાં ખુલ્લી જગ્યામાં જાહેરમાં જુગાર રમતા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ફેસલ સઈદ ટપલા, રમજાની હનિફ પટેલ, રમજાની સિદ્દીક કાલુ, મોહમદ રીઝવાન વાઢેલને ઝડપી પાડી અંગઝડપી અને દાવ ઉપર મુકેલ રોકડ મળી ૧૫,૧૮૦/–રૂપીયા સાથે ઝડપી પાડવામાં આવ્યા. આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

દાહોદ જિલ્લા કક્ષાના ખેલ મહાકુંભમાં ગરબાડા તાલુકો પ્રથમ ક્રમાંકે

ગરબાડા,

બાળકોના સર્વાંગી વિકાસ માટે ગુજરાત સરકાર દ્વારા રાજ્ય કક્ષાએ ખેલ મહાકું ભનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગરબાડા તાલુકાના બાળકો ખૂબ જ ઉત્સાહથી બહોળી સંખ્યામાં ભાગ લઈ રહ્યા છે. આ વર્ષની જિલ્લા કક્ષાએ ખેલ મહાકુંભ અન્ડર ૧૭ યોગાસનમાં ગાંગરડા પ્રાથમિક શાળા ગરબાડાની દીકરી ચાવડા અસ્મિતાબેન ઈશ્વરભાઈ જિલ્લા કક્ષાએ પહેલા ક્રમાંકે આવ્યા છે. અન્ડર ૧૪માં યોગાસનમાં ગાંગરડા પ્રાથમિક શાળા, ગરબાડાની દીકરી ચાવડા આરતીબેન રમેશભાઈ ત્રીજા નંબરે આવ્યા છે. ઓપન એજ ગ્રુપમાં ગાંગરડા પ્રાથમિક શાળા, ગરબાડાનાં શિક્ષક ગાઉંડા સુરેશભાઈ શંકરભાઈ જિલ્લા કક્ષાએ તે બદલ તાલુકા શિક્ષણ સમિતિને સમગ્ર શિક્ષા ગરબાડા વતી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.215

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

ગોધરા તાલુકાની ગ્રામ્ય વિસ્તારની

ગૌચર જમીન માંથી માટી ચોરીના કૌભાંડની તપાસનો ધમધમાટ શરૂ

જીલ્લા કલેકટર દ્વારા ખાણ ખનિજ વિભાગ દંડની આકારણી રિપોર્ટ માંગ્યો

ડી.ડી.ઓ. દ્વારા માટી ચોરીમાં પંચાયત વિભાગના કર્મચારીઓની સંડોવણીની તપાસના આદેશ

ગોધરા, ગોધરા તાલુકામાં ગ્રામ્ય વિસ્તારમાં મુંબઈ–દિલ્હી કોરીડોરની કામગીરી કરતી ખાનગી કંપની દ્વારા ગૌચર જમીન માંથી માટી ચોરીના મામલે તપાસ અને કાર્યવાહીનો ધમધમાટ શરૂ થયો. માટી ચોરી પ્રકરણમાં સંડોવાયેલ અધિકારી–કર્મચારીઓ સામે કડક કાર્યવાહી કરવાના જીલ્લા વિકાસ અધિકારીએ આદેશ આપ્યા.

મુંબઈ–દિલ્હી કોરીડોરની કામગીરી પુરઝડપે ચાલી રહી છે. રોડની કામગીરી કરતી MCC કંપની દ્વારા ગોધરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોની ગૌચર જમીનો માંથી લાખો ટન માટીની ચોરી કર્યાની રજુઆતના પગલે તપાસ તાલુકા વિકાસ અધિકારીને સોંપવામાં આવી હતી. ટી.ડી.ઓ.ની તપાસ દરમિયાન ૧૦ કરોડ ઉપરાંતની માટીનું ખનન કરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું હતું. મુંબઈ–દિલ્હી કોરીડોરની

કામગીરી કરતી ખાનગી કંપની દ્વારા ગૌચર જમીન માંથી માટી ચોરી કર્યાની તપાસ અહેવાલ આવતાં જીલ્લા કલેકટર દ્વારા ગૌચર જમીન માંથી માટી ચોરી થયાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. સાથે ગૌચર જમીન માંથી થયેલ માટી ચોરી બાબતે જીલ્લા ખાણ–ખનિજ વિભાગને કાર્યવાહી કરી માટી ચોરીમાં દંડની આકરણી કરી રિપોર્ટ આપવાના આદેશ કરવામાં આવ્યા છે.

ત્યારે બીજી તરફ પંચમહાલ જીલ્લા વિકાસ અધિકારી દ્વારા ગ્રામ્ય વિસ્તારોની ગૌચર જમીન માંથી માટી ચોરીની તપાસ શરૂ કરવામાં આવી છે. ગૌચર જમીન માંથી માટી ચોરીના પ્રકરણમાં પંચાયત વિભાગના કયા અધિકારી–કર્મચારીની બેદરકારીને લઈ આટલા મોટા પ્રમાણમાં માટી ચોરીનું કૌભાંડ આચરવામાં આવ્યું છે. તે દિશામાં તપાસ કરવાનો આદેશ આપવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારોની ગૌચર જમીન માંથી માટી ચોરીના કિસ્સામાં પંચાયત વિભાગના અધિકારીઓ– કર્મચારીઓની સંડોવણી હોવાનું સામે આવશે તો આવા અધિકારી–કર્મચારીઓ ઉપર કડક કાર્યવાહીના આદેશ આપવામાં આવ્યા છે. મુંબઈ–દિલ્હી કોરીડોરની કામગીરી કરતી MCC કંપની દ્વારા ગ્રામ્ય વિસ્તારોની ગૌચર જમીન માંથી માટી ચોરી માટે ગ્રામજનો અને જીલ્લાના માજી ઉપપ્રમુખની મુખ્યમંત્રી સુધી રજુઆત બાદ તપાસમાં લાખો રૂપીયાની માટી ચોરીનું કૌભાંડ બહાર આવ્યું છે. રોડની કામગીરી કરતી ખાનગી કંપની દ્વારા જીલ્લાના અધિકારીઓ–કર્મચારીઓના મેળાપીપણામાં માટી ચોરીનું કૌભાંડ આચરવામાં આવ્યું હોય ત્યારે હવે જોવાનું રહ્યું કે, આવા કથિત માટી ચોરીના કૌભાંડમાં કેટલા કર્મચારીઓ ઉપર કાર્યવાહી કરાશે.

દાહોદની નોંધ નં.૧૩૦૭૬ તથા પંચમહાલ જીલ્લાના ભૂમાફિયાઓની સરકારશ્રી અન્ય શરતભંગના કિસ્સાઓની યોગ્ય તપાસ થાય તે જરૂરી

ગોધરા, દાહોદનસ નોંધ નં. ૧૩૦૭૬ વાળી જમીનો આદિવાસીઓની સરકારશ્રી ૧૯૮૦–૮૧ થી ૭૩ એએ નોંધ જે તે સમયે સરકારશ્રીએ તેમના ભરણપોષણ કરવા માટે આપેલ અને તે જમીનો આદિવાસીઓ અભણ હોય તેવો પોતાના વડીલોને સરકારશ્રી એ આપેલ જમીનો બાબતે અજાણ હોય અને આવી જમીનોની નોંધ ખૂબ જ મોટા પ્રમાણમાં પેજ ૧ થીછ પર પેજની હોય આ જમીનોમાં સક્ષમ અધીકારી જીલ્લા કલેકટરની પૂર્વ મંજુરી મેળવ્યા વગર ભૂમાફિયા દાહોદ તથા પંચમહાલ જીલ્લાના સરકારી કર્મચારીઓ, અધિકારીઓએ નોંધ નં. ૧૩૦૭૬ – ૭૩ એ.એ.વાળી હોય અને આ બાબતે અખબારમાં અહેવાલ પ્રસિદ્ધ થતા હોવા છતાં જીલ્લા કલેકટર દ્વારા ભૂમાફિયાઓ સામે કાર્યવાહી કરેલ નથી. જેથી દાહોદના આદિવાસીઓ તરફથી શરત ભંગ કરી આવી જમીનો સરકાર હસ્તક થાય અને ગરીબ આદિવાસીઓને મળે તેવી માંગ ઉઠવા પામેલ છે.

દાહોદની નોંધ નં.૧૩૦૭૬–૭૩ એ.એ.વાળી જમીનોમાં કેટલાક ભૂમાફિયાઓ દ્વારા ગેરકાયદેસર એન.એ. બાંધકામો તેમજ ખોટા દસ્તાવેજ કરવાના કેટલાક કિસ્સાઓની તપાસ દાહોદ જીલ્લા કલેકટર કરે તો આવી તમામ ગેરરીતિઓ બહાર આવે તેમ છે. ગરીબ આદિવાસીઓની જમીનોની નોંધ નં.૧૩૦૭૬ – ૭૩ એ.એ.વાળી ખાલસા થાય તો સરકારશ્રીને કરોડો રૂપીયાનો લાભ થાય અને ભૂમાફિયાઓએ ક્રેલ ગેરરીતિઓ તથા બિનખેડુતોના વિગેરે રેવન્યુ રૂલર મુજબના અલગ – અલગ પ્રકારના કિસ્સાઓ તપાસ દરમિયાન નિકળી આવે તેમ છે.

દાહોદ અને પંચમહાલ જીલ્લા ગોધરાના ભૂમાફિયાઓ ગાંધીનગર સુધી મોટા પાયે અધિકારીઓ સાથે સંબંધો ધરાવતા હોય આ બાબતે સરકારશ્રી મહેસુલ વિભાગે તરફથી આવી ગેરરીતિઓ બાબતે પ્રસાર માધ્યમો દ્વારા નિંદા કરવામાં કરેલ છે. ગાંધીનગર મહેસુલ વિભાગ તેમજ પંચમહાલ–દાહોદ જીલ્લાના રેવન્યુ વિભાગના સીસી ટીવી ફુટેઝોની તપાસ દર પંદર દિવસે સમીક્ષા કરવામાં આવે તો ભ્રષ્ટાચાર ઉપર અંકુશ લાગી શકે તેમ છે. સાથે પ્રજાને ન્યાય મળે તેમજ સરકારને પણ ફાયદો થાય તેમ છે. છતાં મહેસુલ વિભાગ ગુજરાત સરકારના કર્મચારીઓ, અધિકારીઓ ખોટા જજમેન્ટો આપવા તથા સરકારી મિલ્કતો ભૂમાફિયાઓને પધરાવી દેવા તેમજ સરકારશ્રી આદેશો અનુસાર વહીવટી સેવાના નિયમો વિરૂદ્ધ ખોટા તકેદારી સેલમાં નોંધ છુપાવી અહેવાલ મોકલવા સરકારી જમીનોમાં ખોટા દસ્તાવેજો કરવા નોંધ મંજુર કરનાર અધિકારી સરકારી મિલ્કતો વિરૂદ્ધ કાર્યવાહી કરી કરાવવા તથા તકરારી કેસોમાં ખોટા અરજદારના પુરાવા રજુ કરવા છતાં કાયદા નિયમો અનુસાર જજમેન્ટોમાં વિસંગતતા જોવા મળેલ છે. આ બાબતે ગુજરાત મુખ્યમંત્રી, મહેસુલ મંત્રી, તકેદારી આયોગ સામાન્ય વિભાગ, મહેસુલ તપાસણી કમિશ્નર અને મહેસુલી વિભાગમાં મંત્રી રેફન્સો તથા તકેદારી સેલ રેફન્સોની અરજીઓ પુરાવા સહિત થતી હોય છે. આ બાબતે અવારનવાર અખબાર અને મીડીયા દ્વારા મહેસુલ વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ ભ્રષ્ટાચાર અને લાંચના કિસ્સાઓ સામે આવતા હોય છે.

આ બાબતે દાહોદ જીલ્લા કલેકટર, પંચમહાલ જીલ્લા કલેકટર દ્વારા આવા કિસ્સામાં કડક દેખરેખ રાખવાના સખત આદેશ આપવામાં આવે તો દાહોદ અને પંચમહાલના ભૂમાફિયાઓને સરકારી નિયમો વિરૂદ્ધ થયેલ ગેરરીતિઓ તપાસમાં બહાર આવી શકે છે અને પ્રજાને સેવા મળી રહે અને ખોટા હુકમો રેવન્યુ રેકર્ડ વિરૂદ્ધના હુકમોના કેસોના ભરાવો બંધ થાય મહેસુલ મંત્રીની સુચનાઓ મુજબ હુકમો નહી કરી કરાવી ગેરરીતિઓ આચરાતી હોય જેને લઈને ગાંધીનગર સુધી અરજી થતી જોવા મળે છે. બંધ થઈને સાચા અર્થમાં ન્યાય મળતો થશે.

કાલોલના દેલોલ ગ્રામજનો પાણીની સમસ્યાથી ત્રસ્ત રજુઆત બાદ તપાસમાં પહોંચેલ પાણી પુરવઠા ટીમ દ્વારા ગ્રામ પંચાયત ઉપર દોષારોપણ

કાલોલ, કાલોલ તાલુકાના દેલોલ ગામમાં પાણીની વિકટ સમસ્યાને લઈ ગ્રામજનો દ્વારા તાલુકા વિકાસ અધિકારીને આવેદન સાથે રજુઆત કરાઈ હતી. પાણીની સમસ્યાને લઈ પાણી પુરવઠાના અધિકારીઓની ટીમ દ્વારા દેલોલ ગામની મુલાકાત લેતા ગ્રામજનોએ અધિકારીનો ઘેરાવ કરી આક્રોશ વ્યકત કર્યો હતો અને વહેલી તકે પાણી સમસ્યા હલ નહિ કરાય તો આમરણાંત ઉપવાસની ચિમકી ઉચ્ચારી છે.

તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ તાલુકાના દેલોલ ગામે પાછલા ઘણા વર્ષોથી પાણીની સમસ્યા હોય તેની આજદિન સુધી નિરાકરણ કરવામાં આવ્યું નથી. હાલ ઉનાળાના સમયે દેલોલ ગામમાં પાણી સમસ્યા વિકટ બનતા ગ્રામજનો દ્વારા સોમવારના રોજ કાલોલ તાલુકા વિકાસ અધિકારીને આવેદન આપીને રજુઆત કરાઈ હતી. દેલોલ ગામની પાણી સમસ્યાને લઈ પાણી પુરવઠા વિભાગના અધિકારીઓની ટીમ દેલોલ ગામની મુલાકાતે આવી હતી. ત્યારે પણી માટે વલખાં મારતા ગ્રામજનો ગ્રામ પંચાયત કચેરી ખાતે પાણી પુરવઠા વિભાગના અધિકારીઓનો ઘેરાવ કરીને રજુઆત કરી હતી. ત્યારે પાણી પુરવઠા અધિકારી દ્વારા જણાવવામાં આવ્યું કે, કાલોલ તાલુકાના નર્મદા સંપ દ્વારા દેલોલ ગામને પાંચ લાખ લીટર પાણીનો પુરવઠો ફાળવવામાં આવે છે. ગામમાં પાણીની યોગ્ય રીતે વિતરણ કરવાની જવાબદારી સ્થાનિક ગ્રામ પંચાયતની હોવાનું જણાવ્યું હતું. ત્યારે હાજર ગામના સરપંચ દ્વારા સંપનું પાણી અનિયમિત અને અઠવાડીયે એક કે બે વખત આવતું હોવાનું જણાવ્યું આમ દેલોલ ગામના ગ્રામજનોની પાણીની સમસ્યા માટે પાણી પુરવઠા અને ગ્રામ પંચાયત એકબીજા ઉપર દોષારોપણ કર્યુ હતું. દેલોલ ગામની પાણીની સમસ્યાનું વહેલી તકે નિવારણ નહી આવે તો મહિલાઓ બેડા સાથે આમરણાંત ઉપવાસની ચિમકી ઉચ્ચારવામાં આવી.

પાણીની સમસ્યાનો ઉકેલ ન આવે તો મહિલાઓ આમરણાંત ઉપવાસની ચિમકી

ગોધરા સોની જ્ઞાતિ પંચ દ્વારા આયુષ્યમાન કાર્ડ કેમ્પ, સર્વરોગ નિદાન કેમ્પ તેમજ ૧૨ થી ૧૮ વર્ષની વ્યકિતઓ માટેનો વેકિસન કેમ્પ સ્ટેગો હોસ્પિટલ અને ડોકટર મિકીરભાઈ સોનીના સહયોગથી રાખવામાં આવ્યો હતો. જેમાં જ્ઞાતિજનો તથા નગરજનોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા તાલુકાના નવી વાડી દૂધ મંડળી ખાતે પંચામૃત ડેરી દ્વારા પશુ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં મોટી સંખ્યામાં પશુપાલકો પોતાના પશુઓને લઈને આવતા પશુ ડોકટર દ્વારા જરૂરિયાત મુજબની સારવાર આપી હતી.

શહેરાના ધામણોદ ચોકડી પાસેથી કત્તલખાને લઈ જવાતા ચાર ગૌવંશને પોલીસે બચાવ્યા

તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરા તાલુકાના ધામણોદ ચોકડી પાસે કતલખાને લઈ જવાતા ચાર જેટલા ગૌવંશ ને પોલીસે બચાવી લીધા હતા. પોલિસે પેટ્રોલિંગ દરમિયાન ૪૦ હજારની કિંમત ના ૩ વાછરડા અને ૧ ગાય ને કતલખાને લઈ જતા બચાવવા સાથે ૪ આરોપીઓની ધરપકડ કરી વધુ પૂછપરછનો દોર શરૂ કર્યો હતો.

શહેરા પોલીસ મથકના પી.આઈ રાહુલ રાજપૂત તેમજ સ્ટાફ પેટ્રોલિંગમાં હતા. તે વખતે પી.આઈને અંગત બાતમીદાર થકી બાતમી મળી હતી કે, એક છોટા હાથી ગાડી નંબર જી.જે.૩૫ ટી ૧૨૮૪માં તાલુકાના ધામણોદ ગામ બાજુથી કેટલાક ઈસમો ગેરકાયદેસર રીતે ગૌવંશ ભરી લઈ જઈ રહ્યા છે. આથી આ ઈસમોની તપાસ માટે પેટ્રોલિંગ સઘન બનાવી આવતા જતા વાહનોનું ચેકીંગ હાથ ધરાયુ હતું. બરાબર તે જ વખતે બાતમીવાળું વાહન છોટા હાથી આવતા જણાતા ઉભું રાખવા ઈશારો કરતા ગાડીના ચાલકે તેની ગાડી ઉભી રાખી હતી. રાત્રીનો સમય હોવાથી બેટરીના અજવાળે વાહનમાં ચાલક ઉપરાંત અન્ય ૩ ઈસમો બેઠેલા હતા. ત્યારબાદ વાહનની પાછળ બાજુ ડાલાના ભાગે જોતા અંદર મૂંગા પશુઓ ટૂંકા દોરડા વડે મોઢા તેમજ પગનો ભાગ ઘાસ ચારો કે પાણીની મદદ વગર મુશ્કેટાટ બાંધેલા હતા અને આ પશુઓ કયા લઈ જવાના છે તે બાબતે પૂછતાં અને ક્યાંથી લાવ્યા પૂછતાં ગલ્લાતલ્લા કરવા લાગ્યા હતા અને કોઈ સંતોષકારક જવાબ આપી શક્યા ન હતા. પોલીસે તપાસ કરતા ૩ વાછરડા કી. રૂ.૩૦ હજાર અને ૧ ગાય કી. રૂ. ૧૦ હજાર મળી કુલ ૪૦ હજારના પશુઓને હસ્તગત કરી ગોધરાના પરવડી ગામના જીવદયા કેન્દ્ર ખાતે મોકલી આપ્યા હતા. પકડાયેલા ઈસમોને તેઓનું નામ ઠામ પૂછતાં તેઓએ (૧) વસીમ નઝીર શેખ, તળાવ મહોલ્લો (૨) સમીર સમંદર બેલીમ (૩) આરીફ યુસુફ શેખ મસ્તાન ચાલી અને (૪) એઝાઝ અશરફ અન્સારી સરકારી દવાખાના પાછળ તમામ રહે. શહેરાના હોવાનું જણાવ્યું હતું. શહેરા પોલીસે પશુ અતિક્રમણની વિવિધ કલમો હેઠળ અન્વયે તમામની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ઘોઘંબાના વાવકુલ્લી ગામે વહેલી સવારે ઘર આંગણે માતા સાથે સુતેલ બે માસની બાળકી ઉપર દિપડાએ હુમલો કર્યો

ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના વાવ કુલ્લી ગામે ઘર આંગણે ખાટલામાં સુવડાવેલ બે માસની બાળકી ઉપર વહેલી સવારે દિપડા એ હુમલો કર્યો હતો. બાળકીની માતાએ બુમરાણ મચાવતાં દિપડો બાળકી છોડીને ભાગી ગયો હતો. બાળકીને ઈજાઓ થતાં સારવાર માટે ૧૦૮ દ્વારા ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી. ઘોઘંબા પંથકમાં દિપડાના હુમલાના પગલે લોકોમાં ફફડાટ જોવા મળ્યો છે. ફોરેસ્ટ વિભાગને જાણ કરતા દિપડાને પાંજરે પુરવા માટેની કવાયત હાથ ધરી છે. ઘોઘંબા તાલુકાના વાવકુલ્લી ગામે વહેલી સવારે મહિલા પોતાના ઘર આંગણે ખાટલામાં બે માસની બાળકી સાથે સુઈ રહેલ હતા. ત્યારે દિપડાએ બાળકી ઉપર હુમલો કર્યો હતો. દિપડા એ બાળકી ઉપર હુમલો કરતાં માતાએ બુમરાણ મચાવતાં દિપડો બાળકીને છોડીને સીમ તરફ ભાગી ગયો હતો. દિપડાના હુમલામાં બે માસની બાળકીને મોઢાના ભાગે ગંભીર ઈજાઓ થતાં ઈજાગ્રસ્ત બાળકીને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સારવાર માટે ગોધરા

તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. વાવકુલ્લી ગામે દિપડા એ વહેલી સવારે બાળકી ઉપર હુમલો કર્યાની ઘટનાની જાણકારી વન વિભાગને કરવામાં આવતાં વન વિભાગ કર્મચારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને દિપડાને પાંજરે પુરવાની કવાયત હાથ ધરી છે. દિપડા એ બે માસની બાળકી ઉપર હુમલો કર્યાના બનાવના પગલે પંથકના લોકોમાં ભયનો માહોલ ઉભો થયો છે. હાલ ઉનાળાનો સમય હોય ગરમીમાં રાહત મેળવવા રાત્રે ઘર આંગણે સુતા હોય ત્યારે દિપડાના હુમલાની ઘટનાને લઈ ગ્રામજનોમાં ફફડાટ વ્યાપી જવા પામી છે અને દિપડાને પાંજરે પુરવામાં આવે તેવી માંગ કરી છે.

ગોધરા ખાતે આવેલ સ્ટેટ બેંક મુખ્ય શાખા ખાતે બેંક મેનેજર રાજેશ ચાદવની અદયક્ષતામાં પેંશનર સભા યોજવામાં આવી હતી. જેમાં ગોધરા તાલુકા નિવૃત કર્મચારી મંડળના હોદ્દેદારો, સભ્યો અને પેંશનરો ઉપસ્થિત રહ્યા હતા અને પોત પોતાની રજુઆતો કરવામાં આવી હતી.

સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ માતાજી નિજમંદીરના શિખર ઉપર સુવર્ણ કળશ લગાવ્યો

પાવાગઢ, પંચમહાલ જીલ્લા સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ માતાજી નિજમંદીર જીર્ણોધ્ધાર ની કામગીરી પુર્ણ થવાની છે. ત્યારે મહાકાળી માતાજી નિજમંદીરે શિખર ઉપર શુધ્ધિકરણ કરી પુજન–વિધિ કરી ૧૨ નાના સુવર્ણ કળશ અને નિજમંદીર ઉપર મોટુ સુવર્ણ કળશ લગાવવાની કામગીરી આરંભી હતી. એકાવન શકિતપીઠ પાવાગઢ નિજમંદીરે મુખ્ય કળશ લગાવ્યો હતો. મંદીરના મુખ્ય શિખર ઉપર સૌથી મોટો વીશાળ કળશ લગાવી આજુ બાજુ બાર નાના કળશ લગાવાયા હતા. તમામ કળશની પુજા વિધી અને સુધ્ધિકરણ કરી એકાવન શકિતપીઠ પાવાગઢ નિજમંદીરે કળશ લગાવવાની કામગીરી કરવામા આવી હતી. સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ પર્વતની ટોચ પર આવેલા મહાકાળી માતાના મંદિરના સુવર્ણ કળશ કારણે આ સ્થળ ગુજરાતનાં પવિત્ર યાત્રાધામ પૈકીનું એક મહત્વનું તીર્થસ્થળ અતિભવ્ય શોભા ધરાવે છે. શ્રદ્ધાળુઓને પાવાગઢ પર ખૂબ જ શ્રદ્ધા છે. લોકો નવરાત્રીના નવ દિવસે વિશેષ પાવાગઢ આવવાનું પસંદ કરે છે. દર વર્ષે નવરાત્રિ દરમિયાન હજારો દર્શનાર્થી પગપાળા મહાકાળી માતાજીના ધામમાં આવે છે અને સમગ્ર ગુજરાતમાં મહાકાળી માતાના ગરબા ઘેર–ઘેર ગવાય છે. પાવાગઢ મહાકાળી માતાજીની શકિતપીઠ મહાશકિતશાળી કહેવાય છે. અહીં મંદિર સુધી પહોંચવા માટે પગથિયા ચઢવા પડે છે. પાવાગઢ પર રોપ–વે સગવડ પણ છે. જે ભક્તો આ પર્વત ચઢી નથી શકતા તેઓ રોપ–વે દ્વારા પણ જઈ શકે છે. આ માંચી સ્થળ પર તેલીયા તળાવ અને દૂધિયા તળાવ છે. જૈન ધર્મના અનુયાયીઓ માટે આ રમણીય અને દર્શનીય ધાર્મિક સ્થળ અતિ પવિત્ર અને પાવન તીર્થધામ છે. આ સ્થળને ''સિદ્ધક્ષેત્ર'' તરીકે પણ ઓળખવામાં આવે છે. શકિતપીઠ હોવાના કારણે દેરાસરમાં મધ્યસ્થાને મૂર્તિ નથી. ગોખ પ્રસ્થાપિત કરાવામાં આવેલ છે. તેની જમણી બાજુએ શ્રી કાલીકા દેવી મૂર્તિ સ્વરૂપે છે અને ડાબી બાજુએ શ્રી બહુચરાજી માતાજીની આંગી છે. દિગંબર જૈન સંપ્રદાયના કુલ નવ પવિત્ર દેરાસરો આ સિદ્ધક્ષેત્રમાં નિર્માણ પામેલા છે. જેમાંથી સાત દેરાસર પર્વત પર દુધિયા સરોવર અને છાસિયા તળાવ તથા ટકોરખાના ટૂંક પર નિર્માણ પામ્યા છે. શ્રીસુપાર્શ્વનાથ ભગવાનનું દિગંબર જૈન મંદિર પાવાગઢનું સૌથી પ્રાચીન અને વિશાળ મંદિર છે. જેમાં સાતમા તીર્થંકર સુપાર્શ્વનાથ ભગવાનની અલૌકિક પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજમાન છે.સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ મહાકાળી માતાજીનું આ પવિત્ર, મહાશકિતશાળી અને ચમત્કારિક સ્થેળ, મનોવાંછિત ઉચ્ચપદની પ્રાપ્તિ અને મનોકામના પૂર્ણ કરવા માટેનું ઉત્તમ માનવામાં આવે છે. યાત્રાધામ પાવાગઢ ધ્વજારોહન કરવા માટે સુવર્ણ ધ્વજદંડ તૈયાર કરવામાં આવેલ છે. જે અગામી ટુક સમય દરમિયાન થોડા દિવસ દરમિયાન ધ્વજારોહન પ્રધાનમંત્રીના હસ્તે અથવાતો યાત્રાધામ પાવાગઢ મંદિરના ટ્રસ્ટ ચેરમેન શુરેન્દ્ર કાકા દ્વારા સુવર્ણ ધ્વજદંડ દાન કરવાં આવ્યું હતું. માટે તેમના હસ્તે ધ્વજારોહન કરવાની શક્યતાઓ છે. તેવું હાલમાં પાવાગઢ મંદિર ટ્રસ્ટી અશોકભાઈ પંડ્યા દ્વારા અમારા પ્રતિનિધીની મુલાકાત દરમિયાન જણાવેલ હતું.